પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 04-11-2026 I VOL : 12 I Issue : 230 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર


તમારું કામ
તમારી ઓળખનું
સાચું
પ્રમાણપત્ર છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 

ગાંધીનગરમાં સરકારની જીદ સામે વનરક્ષકોનું મોટું એલાન, રાજ્યભરના જંગલોમાં...

4 
મધુબનીમાં શરમજનક કિસ્સો: મહિલા સાથે રંગરેલિયા મનાવતા...

6 
સારા અલી ખાન પર ભડક્યો ઓરી, મિત્રતા તૂટવાનું કારણ જણાવ્યું

7 
ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આંતરરાષ્ટ્રીય...

એક નજર...

ટ્રેડિશનલ આઉટફિટમાં કિલર પોઝ આપી અવનીતે સોશિયલ મીડિયા પર મચાવી ધમાલ



ટીવી અને બોલિવૂડમાં નાની વયે પોતાની ખાસ ઓળખ બનાવનાર લોકપ્રિય એક્ટ્રેસ અવનીત કૌરે તાજેતરમાં પોતાના લેટેસ્ટ એથનિક લુકની તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી છે. આ તસવીરમાં અવનીત કૌર લાલ રંગના ખૂબ જ સુંદર ફ્લોરલ પ્રિન્ટેડ અને હેવી એમ્બ્રોઇડરી વાળા લહેંગામાં અત્યંત ગ્લેમરસ અને રોયલ અંદાજમાં જોવા મળી રહી છે.

NEWS TRACK

અમેરિકામાં મિડટર્મ ચૂંટણી માટે વોટિંગ શરૂ:8 રાજ્યોના પોલિંગ બૂથ ખુલ્યા; ટ્રમ્પની પાર્ટીનું બહુમત દાવ પર

અમેરિકામાં મિડટર્મ ચૂંટણી માટે મંગળવારે મતદાન શરૂ થઈ ગયું. ભારતીય સમયાનુસાર સાંજે 4:30 વાગ્યે સૌથી પહેલાં 8 રાજ્યોમાં પોલિંગ બૂથ ખુલ્યા. તેમાં કનેક્ટિકટ, ઇન્ડિયાના, કેન્ટકી, મેન, ન્યૂ હેમ્પશાયર, ન્યૂ જર્સી, ન્યૂ યોર્ક અને વર્જિનિયા સામેલ છે. આ ચૂંટણીઓમાં અમેરિકી સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ 435 બેઠકો અને ઉપલા ગૃહ સેનેટની 35 બેઠકો પર વોટ નાખવામાં આવશે. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીના બરાબર બે વર્ષ પછી મિડટર્મ ચૂંટણી કરાવવામાં આવે છે. તેમાં સંસદની બેઠકો અને કેટલાક રાજ્યોમાં ગવર્નરના પદો માટે મતદાન થાય છે. હાલમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે સંસદના બંને ગૃહોમાં બહુમત છે. જો પાર્ટી તેમાંથી કોઈપણ એક ગૃહમાં પણ બહુમત ગુમાવી દે છે, તો ટ્રમ્પ માટે પોતાના એજન્ડા સાથે જોડાયેલા કાયદા પાસ કરાવવા મુશ્કેલ થઈ જશે. મતદાન શરૂ થાય તે પહેલાં જ 5.76 કરોડ લોકો અર્લી વોટિંગ દ્વારા મતદાન કરી ચૂક્યા છે.

હોર્મુઝમાં ભારતીય જહાજ પર હુમલો, દ્વારકાના યુવકનું મોત: 14 ભારતીય સવાર હતા

હોર્મુઝ સ્ટ્રેટમાં 2 નવેમ્બરે એક ભારતીય જહાજ પર હુમલો થયો હતો. તેમાં ગુજરાતના એક યુવકનું મોત થયું હતું. જહાજમાં સવાર અન્ય 13 ભારતીયોને ઓમાનના કોસ્ટ ગાર્ડે સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. મૃતકની ઓળખ ગાંધાર નાહીમ અઝીઝ તરીકે થઈ છે. મૃતક દેવભૂમિ દ્વારકા જિલ્લાનો વતની. જહાજના રજિસ્ટર્ડ માલિક પાસેથી મળતી માહિતી મુજબ, જહાજ 31 ઓક્ટોબર 2026ના રોજ સંયુક્ત આરબ અમીરાતના હમરિયા બંદરેથી ગુજરાતના પોરબંદર તરફ રવાના થયું હતું. ઓમાનના લીમા બંદર નજીક આ જહાજ પર મિસાઈલથી હુમલો થયો. જહાજનું નામ MSV AL JUSUFI (BDI-1442) છે. મૃતક દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયામાં રહેતો ભારતીય ખલાસી હતો. હુમલા બાદ જહાજમાં આગ લાગી. ખલાસીઓએ જહાજ છોડીને રેસ્ક્યૂ બોટમાં આશરો લીધો. ઓમાન કોસ્ટ ગાર્ડે તેમને બચાવીને ઓમાનના સુરક્ષિત દરિયાકાંઠાના સ્થળે પહોંચાડ્યા.

'મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરોઃ રાહુલ ગાંધી

મોદીજી ડરો નહીં... ચર્ચા કરો, દેશ વિરોધી કોણ છે?: રાહુલે કહ્યું- જગ્યા અને જજ તમે પસંદ કરો

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ મંગળવારે એક વીડિયો જાહેર કર્યો છે. જેમાં તેમણે PM મોદીને ચર્ચાનો પડકાર આપ્યો છે. આશરે 1.50 મિનિટના વીડિયોમાં રાહુલ કહી રહ્યા છે- "24 કલાક થઈ ગયા મોદીજી. મેં તમને પડકાર આપ્યો છે. તમે કહો છો કે વિપક્ષ દેશદ્રોહી છે. કોઈપણ મંચ પસંદ કરો, મારી સાથે ચર્ચા કરો."

દેશદ્રોહી કોણ છે? વિદેશી દળો સાથે કોનું જોડાણ છે? અને કેવા પ્રકારનું જોડાણ છે? શક્ય તેટલું વહેલું કરો, ડરશો નહીં. નાણાકીય વ્યવસ્થા પર, નાણાકીય માળખા પર સવાલો ઊભા થશે- અમેરિકા સાથેની ડીલ કેવી રીતે થઈ, શા માટે થઈ, આટલી ઝડપથી શા માટે થઈ, માત્ર તમે જ શા માટે કરી, કેબિનેટને શા



માટે જણાવ્યું નહીં, અદાણીનો કેસ શા માટે બંધ થયો, એપસ્ટીન- આવી ઘણી બધી બાબતો છે જેના પર ખુલ્લેઆમ ચર્ચા થશે. આવી જાઓ, ડરશો નહીં. દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દો. તમે મારા પર આક્ષેપો લગાવો છો ને, આવી જાઓ, બધું સ્પષ્ટ થઈ જશે. 1. ઓગસ્ટ 2018- રાફેલ પર: કર્ણાટકના બેલગાવીમાં જનધ્વનિ રેલીમાં - 'મોદીજી અને મારી વચ્ચે રાફેલ પર ચર્ચા કરાવો , હું કલાકો સુધી બોલીશ.' 2. 2 જાન્યુઆરી 2019 - રાફેલ પર 20 મિનિટની ચર્ચાનો પડકાર: લોકસભામાં - 'મને PM સાથે 20 મિનિટ વન-ટુ-વન ચર્ચા કરવા દો, US પ્રેસિડેન્શિયલ ડિબેટની જેમ.' સાથે જ કહ્યું હતું કે PMમાં હિંમત નથી. 3. એપ્રિલ 2019 - ભ્રષ્ટાચાર પર: મેનિફેસ્ટો લોન્ચ થયા બાદ અને ફરી 7 એપ્રિલે - મોદીના એક ઈન્ટરવ્યૂ બાદ ટ્વીટ કર્યું - 'તમે ભાગી શકો છો, પરંતુ છુપાઈ શકતા નથી, હું તમને ભ્રષ્ટાચાર પર ચર્ચાનો પડકાર આપું છું.

રાહુલે કહ્યું- મારા પર માનહાનિના 45 કેસ

વીડિયોમાં રાહુલ કહી રહ્યા છે- બાકીની બાબતો પર તમે માનહાનિનો કેસ કરી રાખ્યો છે, કદાચ મારા પર 45 માનહાનિના કેસ છે.

પરંતુ આ ચર્ચાના મામલે, વિદેશી કનેક્શન પર તમે માનહાનિનો કેસ નથી કરી રહ્યા. ત્યાં પણ ચર્ચા કરીએ, ખુલ્લેઆમ. આ બધું ચર્ચા કરીએ, આવો. હેપ્પી દિવાલી, મોદીજી.

શાહે કહ્યું- સરકાર દરેક મુદ્દે ચર્ચા માટે તૈયાર ગૃહમંત્રી અમિત શાહે છત્તીસગઢના નવા રાયપુરમાં કહ્યું કે રાહુલ ગાંધીએ નકલી સંસદ બનાવીને વાસ્તવિક સંસદની મજાક ઉડાવી. ચર્ચાનું નાટક કર્યું. હું કહેવા માગું છું કે નરેન્દ્ર મોદી સરકાર દરેક મુદ્દા પર ચર્ચા માટે તૈયાર છે, સંસદ ચાલવા દો. અમે વિશેષ સત્ર બોલાવીને SIR પર ચર્ચા માટે તૈયાર છીએ.

હિંમત હોય તો દેશની જનતા સામે ચર્ચા કરીને બતાવો. હાથમાં બંધારણ લઈને ફરવાથી બંધારણનું સમર્થન નહીં થાય. આચરણ બંધારણીય હોવું જોઈએ.

બિહારમાં 'ક્રાઇમ' છે, પણ 'અપરાધ' નથી! CM સમ્રાટ ચૌધરીનું હાસ્યાસ્પદ નિવેદન

'અપરાધનો કોન્સેપ્ટ ખતમ, ક્રાઇમ થઈ શકે': સમ્રાટ ચૌધરીનો વિચિત્ર દાવો

નવી દિલ્હી

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી પોતાના એક અજીબોગરીબ નિવેદનને કારણે વિપક્ષના નિશાના પર આવી ગયા છે. દિલ્હી પ્રવાસ દરમિયાન તેમણે કાયદો અને વ્યવસ્થા અંગે વાત કરતા દાવો કર્યો હતો કે બિહારમાં હવે અપરાધનો કોન્સેપ્ટ જ ખતમ થઈ ગયો છે, અહીં માત્ર 'ક્રાઇમ' થઈ શકે છે પણ 'અપરાધ' નહીં. મુખ્યમંત્રીના આ વિચિત્ર તર્કનો વિડીયો વાયરલ થતાં જ RJD નેતા તેજસ્વી યાદવે તેના પર કટાક્ષ કરીને સરકારને ઘેરી છે. દિલ્હી પ્રવાસના ત્રીજા દિવસે મીડિયા સમક્ષ વાત કરતા મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ જણાવ્યું હતું કે, 'અમારે ત્યાં કોઈ અપરાધ નથી. અપરાધનો કોન્સેપ્ટ જ પૂરો થઈ ગયો છે. ક્રાઇમ થઈ શકે છે, પરંતુ અપરાધ કે અપરાધી નહીં.' મુખ્યમંત્રી દ્વારા ક્રાઇમ અને અપરાધ વચ્ચે કરવામાં આવેલા આ અસમંજસભર્યા તફાવતને લઈને હવે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. મુખ્યમંત્રીનો આ વિડીયો સોશિયલ મીડિયા પર શેર કરતા તેજસ્વી યાદવે કટાક્ષ કર્યો હતો કે, 'બિહારમાં 'Crime' થઈ શકે પણ 'અપરાધ' નહીં! દેશવાસીઓ, આ વાત 7 હત્યાઓના આરોપી અને મોદીજી





દિવાળી પહેલાં દિલ્હી 'ગેસ ચેમ્બર' બન્યું: AQI 331ને પાર

નવી દિલ્હી

દિવાળી પહેલાં દિલ્હીમાં હવા પ્રદૂષણની સ્થિતિ ગંભીર બની છે. મંગળવારે સવારે AQI 331 (ખૂબ જ ખરાબ) નોંધાયો, જ્યારે 8 વિસ્તારોમાં 400ને પાર થતાં 'ગંભીર' શ્રેણીમાં પહોંચી હતી. દિલ્હી-NCRમાં GRAP-2 લાગુ કરાયો છે, જેમાં ધૂળ નિયંત્રણ અને જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવા પગલાં લેવાશે. સુપ્રીમ કોર્ટે 7 અને 8 નવેમ્બરે ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે, પરંતુ 9 નવેમ્બરથી સંપૂર્ણ પ્રતિબંધ લાગુ પડશે. દિવાળીના તહેવાર પહેલાં દિલ્હીમાં હવા પ્રદૂષણની સ્થિતિ વધુ ગંભીર બની છે. મંગળવારે સવારે 7 વાગ્યે દિલ્હીની સરેરાશ એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) 331 નોંધાયો હતો. જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે. દિલ્હીનાં 8 મોનિટરિંગ સ્ટેશન પર AQI 400ને પાર થતાં હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં પહોંચી હતી. બીજી તરફ, દિલ્હી-NCRમાં પ્રદૂષણને કાબૂમાં લેવા માટે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) ના બીજા તબક્કાનાં નિયંત્રણો લાગુ કરવામાં આવ્યાં છે.



હવાઇ ભાડા ન પોસાતા હોય તો મુસાફરી ન કરો : સુપ્રીમ કોર્ટ

હવાઈ પ્રવાસ જરૂરી સેવા હોવાનો અરજદારનો દાવો, છતાં વહેલા સુનાવણીની માગ સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી

તહેવારોની સીઝનમાં હવાઈ મુસાફરીના વધેલા ભાડા મુદ્દે સુપ્રીમ કોર્ટમાં PIL કરવામાં આવી હતી. અરજદારે આ મામલે તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી. ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા, અપરેશ કુમાર સિંહની બેંચે ટિપ્પણી કરી કે, 'જો ભાડું મોંઘું હોય તો મુસાફરી ન કરો.' અગાઉની અરજીઓ સાથે આ કેસની સુનાવણી થઈ શકે છે. દેશમાં તહેવારો અને રજાઓની સીઝન વચ્ચે હવાઈ મુસાફરી મોંઘી થઈ રહી છે. જે મુદ્દે સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ કરવામાં આવી હતી, જોકે સુપ્રીમે તેની તાત્કાલીક સુનાવણીની ના પાડી હતી અને કહ્યું હતું કે હવાઈ મુસાફરી ના કરો. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા, અપરેશ કુમાર સિંહની બેંચ સમક્ષ એક વકીલે આ મામલાની તાત્કાલીક સુનાવણી કરવાની માગણી કરી હતી, જેના પર ટિપ્પણી કરતા સુપ્રીમની બેંચે કહ્યું હતું કે તો હવાઈ મુસાફરી ના કરો. વકીલે એવી દલીલ કરી હતી કે હાલ તહેવારોની સીઝન છે જેને કારણે વિવિધ ફ્લાઈટોના ભાડામાં ૩૦૦ ટકાનો વધારો થયો છે.

મહારાષ્ટ્રની સરહદે મિની અંડરવર્લ્ડનો કાળો કારોબાર

નંદુરબારના નવાપુરમાં ખાકીની ઓટમાં ધમધમે છે કરોડોનો જુગાર અને ડ્રગ્સનો અડ્ડો!

પાક્કો ગુજરાત ન્યૂઝ | વિશેષ તપાસ અહેવાલ

મહારાષ્ટ્રની સરહદે આવેલા નંદુરબાર જિલ્લાનું નવાપુર ક્ષેત્ર હાલમાં કાયદો અને વ્યવસ્થાની મર્યાદાઓ વટાવીને ગુનાખોરીનું ગઢ બની ચૂક્યું છે. સીમાવર્તી વિસ્તારનો ગેરફાયદો ઉઠાવીને અસામાજિક તત્વોએ ખાકી વર્ધીના છત્રછાયા હેઠળ ગુનાખોરીનું એક એવું કાળું સામ્રાજ્ય ઊભું કરી દીધું છે, જેણે આસપાસના સમગ્ર વિસ્તારની શાંતિ અને સુરક્ષા જોખમમાં મૂકી દીધી છે. જૂના આરટીઓ પાસે, શ્રીરામ પાર્ક અને ઇન્ડિયન પેટ્રોલ પંપની ઠીક પાછળ આવેલા બિદખિપાડા ગામમાં મોટો શેડ બનાવીને ચલાવવામાં આવતો આ અડ્ડો રાજ્યનો સૌથી મોટો અને ભયજનક જુગાર ધામ બની ચૂક્યો છે.

પપ્પુ ગોસ્વામી, રઇસ શેખ અને સૂરજ જયસ્વાલનું નેટવર્ક: આંતરરાજ્ય ગુનેગારોની સેફ હેવન

મળતી માહિતી મુજબ, આ સમગ્ર કાળા કારોબારનું સંચાલન લાકડકોટનો પપ્પુ ગોસ્વામી, નવાપુરનો રઇસ શેખ અને સૂરજ જયસ્વાલ જેવા કુખ્યાત તત્વો દ્વારા મળીને કરવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. આ અડ્ડો માત્ર સ્થાનિક જુગારીઓ પૂરતો સીમિત નથી, પરંતુ મહારાષ્ટ્ર, ગુજરાત, દમણ અને મધ્યપ્રદેશ જેવા પાડોશી રાજ્યોમાંથી આવતા ૧૫૦થી વધુ હાઇ-પ્રોફાઇલ જુગારીઓ અને શંકાસ્પદ ગુનેગારો માટે આશ્રયસ્થાન બની ગયો છે. દરરોજ રાત્રે આ શેડમાં લાખો-કરોડો રૂપિયા દાવ પર લાગે છે અને સવાર સુધી આ ગેરકાયદે ખેલ બેરોકટોક ચાલે છે.

જુગારની સાથે એમડી ડ્રગ્સ અને અનૈતિક પ્રવૃત્તિઓનો ખુલ્લો ખેલ

સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોની ચિંતા અનુસાર, આ અડ્ડો માત્ર જુગાર પૂરતો સીમિત નથી પણ અનેક અસામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યો છે:

એમડી ડ્રગ્સનું નેટવર્ક: અહીં આવતા અસામાજિક તત્વો અને યુવાનોને નિશાન બનાવીને એમડી (MD) ડ્રગ્સ જેવા ઘાતક નશાનો કારોબાર ચલાવાઈ રહ્યો છે.



- જૂના આરટીઓ પાસે, શ્રીરામ પાર્ક અને ઇન્ડિયન પેટ્રોલ પંપની પાછળ ધમધમતો ગેરકાયદે ખેલ
- પપ્પુ ગોસ્વામી, રઇસ શેખ અને સૂરજ જયસ્વાલ દ્વારા સંચાલિત નેટવર્ક પર પોલીસ તંત્ર મૌન કેમ?
- મહારાષ્ટ્ર, ગુજરાત અને દમણના હાઈ-પ્રોફાઈલ જુગારીઓનો જમાવડો; ડ્રગ્સ અને અનૈતિક પ્રવૃત્તિઓના ગંભીર આક્ષેપો

અનૈતિક પ્રવૃત્તિઓ: અડ્ડા પર અનૈતિક પ્રવૃત્તિઓ અને દેહવ્યાપાર ચાલતો હોવાના પણ ગંભીર આક્ષેપો છે, જેનાથી સ્થાનિક સામાજિક વાતાવરણ સંપૂર્ણપણે કલંકિત થઈ રહ્યું છે.

દારૂ અને ગુટખાની તસ્કરી: ગુજરાતની દારૂબંધીનો લાભ ઉઠાવીને મહારાષ્ટ્રથી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે દારૂ અને પ્રતિબંધિત ગુટખાનો જથ્થો ઘૂસાડવા માટે આ સ્થળનો ઉપયોગ થઈ રહ્યો છે.

ખાકી તંત્ર સામે સવાલો: હપ્તાખોરી અને માહિતી લીક કરવાનો આરોપ

મુખ્ય માર્ગ અને જાણીતા લેન્ડમાર્ક (જૂના આરટીઓ, પેટ્રોલ પંપ) ની પાછળ જ આટલું મોટું દૂષણ ફાલી-ફૂલી રહ્યું હોવા છતાં સ્થાનિક પોલીસ તંત્ર મૌન કેમ છે? સ્થાનિકોનો આરોપ છે કે પોલીસ સ્ટેશનના જવાબદારો અને એલસીબી (LCB) ની કથિત હપ્તાખોરી અથવા મૌન સંમતિ વગર આટલું મોટું કૌભાંડ ચાલી જ ન શકે. જ્યારે પણ ઉપરથી કે મીડિયામાંથી દબાણ આવે ત્યારે રેડ પડવાની આગોતરી બાતમી અડ્ડા સંચાલકો સુધી પહોંચાડી દેવાય છે અને ક્ષણભરમાં જગ્યા બદલી નાખવામાં આવે છે.

ગૃહ વિભાગ અને રાજ્યના ડીજીપી સમક્ષ 'પાક્કો ગુજરાત'ના સીધા સવાલો

સરહદી વિસ્તારમાં ચાલતા આ ગોરખધંધા સામે કડક કાર્યવાહીની માંગ સાથે તંત્ર સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ મૂકવામાં આવે છે:

૧. ઉચ્ચસ્તરીય તપાસ: રાજ્યના પોલીસ મહાનિર્દેશક (DGP) અને ગૃહ વિભાગ દ્વારા આ સમગ્ર સિન્ડિકેટની સ્પેશિયલ ટીમ બનાવી તપાસ કરાવવામાં આવે. ૨. ભ્રષ્ટ અધિકારીઓ પર કાર્યવાહી: સ્થાનિક પીઆઈ, એલસીબી અને જવાબદાર અધિકારીઓની ભૂમિકાની નિષ્પક્ષ તપાસ કરી તેમની સામે શિક્ષાત્મક પગલાં ભરાય. ૩. બુલડોઝર કાર્યવાહી: બિદખિપાડા અને શ્રીરામ પાર્કની પાછળ ઊભા કરાયેલા ગેરકાયદે શેડ અને અડ્ડાઓને તાત્કાલિક અસરથી જમીનદોસ્ત કરવામાં આવે. જો આ આંતરરાજ્ય ગુનાહિત નેટવર્ક પર તાત્કાલિક લગામ નહીં કસાય, તો સરહદી વિસ્તારમાં મોટી અપ્રિય ઘટના ઘટે તેવી પૂરેપૂરી શક્યતા છે. કાયદાનું શાસન સ્થાપવા માટે હવે વહીવટી તંત્ર દ્વારા કડક અને નક્કર કાર્યવાહીની તાતી જરૂરિયાત છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

વડોદરામાં SMCનો દરોડો: 28.18 લાખના દારૂ સહિતના મુદ્દામાલ સાથે એક ઝડપાયો

વડોદરા

સ્ટેટ મોનીટરીંગ સેલે વડોદરા શહેરના અટલાદરા પોલીસ સ્ટેશનની હદમાં વડસર રોડ પર ખીસકોલી સર્કલ નજીક વેલ કેર હોસ્પિટલ સામે જાહેર રોડ પર રનિંગ રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે 177 પેટીઓ જપ્ત કરી છે. 5,256 બોટલની કિંમત રૂ. 23,08,560 સહિત વાહન, કવરિંગમાં રાખેલી ઈંડાની 362 ટ્રે અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 28,18,810નો મુદ્દામાલ કબજે કર્યો છે.

SMCના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એચ. રાઠોડની આગેવાનીમાં કરાયેલી કાર્યવાહીમાં મહેન્દ્ર ધેવરરામ બિશ્નોઈ (રહે. પડીયલ, ઉદયનગર, તા. ઘંટીયાલી, જિ. ફલોદી, રાજસ્થાન)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ કેસમાં જીતેન્દ્રકુમાર બિશ્નોઈ (રહે. સેલવાસ, મૂળ ભોજાસર, રાજસ્થાન), સચિન ગોવિંદરાવ ઠાકરે (રહે. પાંચ આંબા, દેસાઈવાડ, વાપી) અને ગુલાબ ઉર્ફે ચીનુ કેશવભાઈ કોળીપટેલ (રહે. મોટી દમણ) સહિત કુલ આઠ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

પોલીસે પકડાયેલા એક અને વોન્ટેડ આઠ આરોપીઓ વિરુદ્ધ અટલાદરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીધામમાં રૂ. 10.92 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, કુલ રૂ. 19.49 લાખનો મુદ્દામાલ કબજે

ગાંધીધામ

પૂર્વ કચ્છ-ગાંધીધામના ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકની હદમાં પડાણા ગામ નજીક નેશનલ હાઈવે પર સ્ટેટ મોનીટરીંગ સેલે રનિંગ રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની 87 પેટીમાંથી આશરે 4,139 બોટલ જપ્ત કરી હતી. દારૂના જથ્થાની કિંમત રૂ. 10,92,696 સહિત વાહન, મોબાઈલ ફોન અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 19,49,336નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

ગાંધીધામથી ભચાઉ તરફ જતા નેશનલ હાઈવે પર મીની પંજાબ હોટલ આગળ કરવામાં આવેલી કાર્યવાહીમાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના સોમરાડ ગામના તનસિંહ મુલસિંહ સોઢાને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ ગુનામાં રતનસિંહ સોઢા સહિત અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. જેમાં રતનસિંહ સાથે પીકઅપ ડાલામાં દારૂનો જથ્થો લાવનાર અજાણ્યો શખસ અને ગાંધીધામમાં દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યા શખસનો સમાવેશ થાય છે.

પાલનપુરમાં SMCનો દરોડો: 23.48 લાખના મુદ્દામાલ સાથે બે ઝડપાયા

બનાસકાંઠા

સ્ટેટ મોનીટરીંગ સેલે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં હેબતપુર ગામની સીમમાં આવેલા રીયા રેસ્ટોરન્ટ સામે રનિંગ રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે 78 પેટીઓ જપ્ત કરી હતી. 2,472 બોટલની કિંમત રૂ. 7,78,560 સહિત બે વાહનો, ત્રણ મોબાઈલ ફોન અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 23,48,560નો મુદ્દામાલ કબજે કર્યો હતો. SMCના પોલીસ ઈન્સ્પેક્ટર વાય.જે. રાઠોડની આગેવાનીમાં કરાયેલી કાર્યવાહીમાં સુમેરસિંગ નરેશસિંગ ચૌહાણ (રહે. મોટા કરજા, તા. અમીરગઢ) અને જગતસિંહ કંચનસિંહ ચૌહાણ (રહે. આંતરોલી, તા. પાલનપુર)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ કેસમાં અનકેશસિંહ બાવનસિંહ ચૌહાણ, મુકેશસિંહ રામસિંહ ચૌહાણ, પ્રદીપ દેવીલાલ મેવાડા (રહે. રેવદર, રાજસ્થાન), ગુલાબસિંહ ઉર્ફે વાસુ રામસિંહ વાઘેલા અને નરેશજી બાબુજી જેસાતર (ઠાકોર) સહિત પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે પકડાયેલા બે અને વોન્ટેડ પાંચ આરોપીઓ વિરુદ્ધ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

મેશ્વો નદીના બ્રિજ પર વિદેશી દારૂની રનિંગ રેઈડ : રૂ. 20.73 લાખનો મુદ્દામાલ કબજે...

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના રખિયાલ પોલીસ મથકની હદમાં બાયડથી દહેગામ તરફના રોડ પર મીઠાના મુવાડા ગામની સીમમાં મેશ્વો નદીના બ્રિજ પર સ્ટેટ મોનીટરીંગ સેલે રનિંગ રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે 73 પેટીમાંથી 3,928 બોટલ જપ્ત કરી હતી. દારૂના જથ્થાની કિંમત રૂ. 10,53,891 સહિત વાહન, મોબાઈલ ફોન અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 20,73,891નો મુદ્દામાલ કબજે કરાયો હતો. આ કાર્યવાહી દરમિયાન રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ગીરવા તાલુકાના ચનાવડા ગામના લાલુરામ વિજય મીણા (ખરાડી)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે રાજસ્થાનના ડુંગરપુરના તીલકપુરી ગૌતમપુરી ગોસ્વામી અને વીવેકસિંહ સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

પાલોદમાં SMCનો દરોડો: 42.56 લાખના દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત

સુરત

સ્ટેટ મોનીટરીંગ સેલે સુરત ગ્રામ્યના પાલોદ પોલીસ સ્ટેશનની હદમાં સુરત-વડોદરા નેશનલ હાઈવે નં. 48 પર હોટલ રોયલ ઈન સામે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે 174 પેટીઓ જપ્ત કરી છે. જેમાં 6,651 બોટલ, જેની કિંમત રૂ. 24,45,852 થાય છે, તે સહિત વાહનો, મોબાઈલ ફોન, રોકડ અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 42,56,272નો મુદ્દામાલ કબજે કર્યો છે. SMCના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.ડી. રવિયાએ હાથ ધરેલી કાર્યવાહીમાં હર્ષકુમાર વનેશભાઈ પટેલ (રહે. કોચરવા, તા. વાપી, જિ. વલસાડ) અને સોહનસિંહ માધોસિંહ રાજાવત (રહે. ખારીવાડ, દમણ)ને ઝડપી પાડ્યા હતા. આ કેસમાં રિતેષ ઉર્ફે રીતલો બુઢીયા હળપતિ (રહે. રીંગણવાડા, દમણ) સહિત કુલ પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. દારૂનો જથ્થો મંગાવનાર અને ઈનોવા કારમાં દારૂની હેરફેર કરનાર સહિત અન્ય ચાર આરોપીઓની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસે પકડાયેલા બે અને વોન્ટેડ પાંચ આરોપીઓ વિરુદ્ધ પાલોદ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

ધર્મની આડમાં કથિત અનૈતિકતાનો વિવાદ!

સાગરચંદ્ર સાગર સામે ગંભીર આક્ષેપોથી જૈન સમાજમાં ખળભળાટ, નિષ્પક્ષ તપાસની ઉઠી માગ!



- **સાધુવેશ, વાયરલ ચેટ્સ અને કથિત કોલ રેકોર્ડિંગથી અનેક સવાલો; દાનની રકમ, ટ્રસ્ટીઓની ભૂમિકા અને પડદા પાછળના સંપર્કોની તપાસ ક્યારે?**
- **મસૌરથી પાલિતાણા સુધી ચર્ચાનો વિષય બનેલો વિવાદ: પ્રવચનોના બહિષ્કારની અપીલ, જૈન સમાજમાં અસંતોષ અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માગ તેજ બની**

ઉજ્જૈન (વિશેષ પ્રતિનિધિ)

જૈન ધર્મ એટલે અહિંસા, અપરિગ્રહ, ત્યાગ, તપ અને બ્રહ્મચર્યની મહાન પરંપરા. ભગવાન મહાવીર સ્વામીના સિદ્ધાંતો સમગ્ર માનવજાતને સંયમ અને સદાચારનો માર્ગ બતાવે છે. પરંતુ જ્યારે ધર્મના પવિત્ર વેશ સાથે જોડાયેલી કોઈ વ્યક્તિ સામે અનૈતિક સંબંધો, આર્થિક ગેરરીતિઓ અને શ્રદ્ધાનો દુરુપયોગ કરવા જેવા ગંભીર આક્ષેપો સામે આવે ત્યારે સ્વાભાવિક રીતે સમગ્ર સમાજમાં ચિંતાની લાગણી ફેલાય છે.

સાગરચંદ્ર સાગર નામના સાધુ સામે હાલ આવા જ ગંભીર આક્ષેપોને લઈને જૈન સમાજમાં ચર્ચા અને વિરોધનો માહોલ ઊભો થયો હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. વાયરલ થયેલી હોવાનો દાવો કરવામાં આવતી વોટ્સએપ ચેટ્સ, કથિત કોલ રેકોર્ડિંગ અને તસવીરોને લઈને અનેક સવાલો ઊભા થયા છે. જોકે, આ સામગ્રીની સત્યતા અને તેમાં દર્શાવાયેલા દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થવી હજુ જરૂરી છે.

1. સાધુજીવનની મર્યાદા સામે ગંભીર સવાલો!

સાગરચંદ્ર સાગર સામે કેટલીક મહિલાઓ અને સાધ્વીઓ સાથે કથિત અનૈતિક સંબંધો હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. આક્ષેપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે.

સવાલ એ છે કે જો આક્ષેપો ખોટા છે તો સંબંધિત વ્યક્તિએ તમામ મુદ્દાઓ પર ખુલ્લી અને સ્પષ્ટતા કેમ ન કરવી જોઈએ? અને જો કોઈ પુરાવા છે, તો તેની તપાસ કાયદેસર રીતે કેમ ન થવી જોઈએ? ધર્મના નામે કોઈને પણ વિશેષ છૂટછાટ મળી શકે નહીં.

2. વાયરલ ચેટ્સ અને રેકોર્ડિંગ: સત્ય બહાર લાવવાની જવાબદારી કોની?

સોશિયલ મીડિયા પર કથિત ખાનગી ચેટ્સ, કોલ રેકોર્ડિંગ અને તસવીરો વાયરલ થવાની ચર્ચાએ વિવાદને વધુ વેગ આપ્યો છે.

પરંતુ માત્ર વાયરલ સામગ્રીના આધારે કોઈને દોષિત ઠેરવી શકાય નહીં. આ સામગ્રી અસલી છે કે બનાવટી, તેમાં કોઈ છેડછાડ થઈ છે કે નહીં અને સંબંધિત વ્યક્તિઓના નિવેદનો શું છે, તેની ફોરેન્સિક તપાસ થવી જોઈએ. મુદ્દો માત્ર વાયરલ તસવીરોનો નથી, પરંતુ આક્ષેપોની પાછળનું સત્ય જાહેર થવાનો છે.

3. કરોડોના દાન અને ટ્રસ્ટીઓની ભૂમિકા તપાસના ઘેરામાં?

જૈન તીર્થક્ષેત્રો, જિનાલયો અને ધાર્મિક સંસ્થાઓમાં શ્રદ્ધાળુઓ દ્વારા આપવામાં આવતા દાનનો હેતુ ધર્મસેવા, જીવદયા, શિક્ષણ અને સમાજકલ્યાણ છે.

આ વિવાદમાં કેટલાક ટ્રસ્ટીઓ અને સંસ્થાના પદાધિકારીઓની ભૂમિકા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. દાનની રકમનો કોઈ દુરુપયોગ થયો છે કે નહીં, કોઈ આર્થિક વ્યવહારમાં અનિયમિતતા છે કે નહીં અને સંબંધિત ટ્રસ્ટોના હિસાબો પારદર્શક છે કે નહીં તેની સ્વતંત્ર ઓડિટ થવી જોઈએ.

મીડિયા કોર્ડિનેટર અભય ચોપરાની ભૂમિકાને લઈને પણ આક્ષેપો થઈ રહ્યા છે. જોકે, તેમની સામેના દાવાઓની સત્યતા અને તેમનો પક્ષ જાણવો જરૂરી છે.

4. મસૌરમાં પ્રવચનો અને જૈન સમાજનો વિરોધ

હાલ મધ્યપ્રદેશના મસૌર વિસ્તારમાં સાગરચંદ્ર સાગરના પ્રવચનો યોજાતા હોવાની માહિતી વચ્ચે કેટલાક જૈન ધર્મપ્રેમીઓ દ્વારા વિરોધ અને બહિષ્કારની અપીલ કરવામાં આવી રહી છે. પ્રવચનોમાં હાજરી ઘટી હોવાના દાવા પણ ચર્ચામાં છે, પરંતુ તેની સ્વતંત્ર પુષ્ટિ ઉપલબ્ધ નથી.

જૈન સમાજના કેટલાક વર્ગોનો સવાલ છે કે ગંભીર આક્ષેપોનો સંતોષકારક ખુલાસો ન થાય ત્યાં સુધી આવા ધાર્મિક કાર્યક્રમો અને સંસ્થાઓએ પોતાની જવાબદારી કેવી રીતે નિભાવવી જોઈએ?

5. જૈન સમાજની મુખ્ય માગણીઓ

સાગરચંદ્ર સાગર સામેના તમામ આક્ષેપોની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. વાયરલ ચેટ્સ, તસવીરો અને રેકોર્ડિંગની ફોરેન્સિક તપાસ થાય. સંબંધિત મહિલાઓની ગરિમા, સુરક્ષા અને ગોપનીયતાનું રક્ષણ કરવામાં આવે. દાન અને ટ્રસ્ટના નાણાકીય વ્યવહારોનું સ્વતંત્ર ઓડિટ કરવામાં આવે. ટ્રસ્ટીઓ અને સંચાલકોની ભૂમિકા તપાસવામાં આવે. અભય ચોપરા સહિત સંબંધિત વ્યક્તિઓનો પક્ષ પણ જાહેર કરવામાં આવે. તપાસમાં ગુનો સાબિત થાય તો કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવે.

પાક્કો ગુજરાતનો સીધો સવાલ: ધર્મના નામે જવાબદારીમાંથી છૂટ મળી શકે?

ભગવાન મહાવીરના નામે ચાલતી ધાર્મિક પરંપરાની પવિત્રતા જાળવવાની જવાબદારી માત્ર સાધુઓની જ નહીં, પરંતુ ટ્રસ્ટીઓ, સંચાલકો અને સમગ્ર સમાજની પણ છે. જો કોઈ વ્યક્તિ સામે ગંભીર આક્ષેપો છે તો તેને નિષ્પક્ષ તપાસનો સાબિત સામનો કરવો જોઈએ. જો આક્ષેપો ખોટા હોય તો તે પણ પુરાવા સાથે સ્પષ્ટ થવું જોઈએ. પરંતુ જો કોઈ ગેરરીતિ કે ગુનો સાબિત થાય તો ધાર્મિક હોદ્દો કાયદાથી ઉપર ન હોવો જોઈએ. ધર્મની આડમાં કોઈને બચાવવાનો પ્રયાસ ન થવો જોઈએ અને માત્ર આક્ષેપોના આધારે કોઈને દોષિત પણ ઠેરવવો ન જોઈએ. સત્ય, પુરાવા અને ન્યાય જ અંતિમ આધાર બનવા જોઈએ. હવે સવાલ જૈન સમાજ, સંબંધિત ટ્રસ્ટો અને જવાબદાર સંસ્થાઓ સામે છે – આ વિવાદનું સત્ય બહાર લાવવા માટે તપાસ ક્યારે શરૂ થશે?

"શું આપણું સંસ્કારી પાટનગર પોતાની મર્યાદા ભૂલી રહ્યું છે?"

ગાંધીનગરના જાહેર માર્ગો પર અર્ધનગ્નતાનું પ્રદર્શન કરતી જાહેરાતો સામે જાગૃત નાગરિકોનો રોષ

ગાંધીનગર

ગુજરાતની રાજધાની અને 'હરિયાળા તથા સંસ્કારી પાટનગર' તરીકે દેશભરમાં વિશિષ્ટ ઓળખ ધરાવતા ગાંધીનગર શહેરમાંથી એક અત્યંત શરમજનક અને ચિંતાજનક વિષય સામે આવ્યો છે. ગાંધીનગરના મુખ્ય જાહેર રસ્તાઓ અને ચાર રસ્તાઓ પર આઉટડોર એડવર્ટાઈઝિંગ (હોર્ડિંગ્સ)ના નામે બેફામ બનેલી અર્ધનગ્નતાનું પ્રદર્શન કરતી જાહેરાતો સામે હવે શહેરીજનો અને જાગૃત નાગરિકોમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. જાહેર માર્ગો પર આ પ્રકારે શાલિનતા અને સામાજિક મર્યાદાના તમામ સીમાડા ઓળંગતી જાહેરાતો મૂકવી ક્યાં સુધી વ્યાજબી છે? તેવો ગંભીર સવાલ હવે લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. ગાંધીનગર એ કોઈ કોમર્શિયલ અરાજકતાવાળું



મહાનગર નહીં, પરંતુ એક શાંત, વ્યવસ્થિત, સંસ્કારી અને પરિવારલક્ષી (Family City) નગર છે. અહીંના જાહેર માર્ગો પરથી દરરોજ હજારોની સંખ્યામાં સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ, યુવતીઓ, નાના બાળકો અને આદરણીય વડીલો તથા પરિવારો પસાર થતા હોય છે. તેવામાં મુખ્ય માર્ગો પર લગાવવામાં આવેલા વિશાળ હોર્ડિંગ્સ પર પ્રદર્શિત થતી વાંધાજનક અને અર્ધનગ્નતા દર્શાવતી જાહેરાતો સામાજિક વાતાવરણને દૂષિત કરી રહી છે. જાહેરાતની સ્વતંત્રતાના નામે જાહેરમાં આવી અશ્લીલતા પરોસવી શું યોગ્ય છે? શું આપણી સંસ્કૃતિ અને સામાજિક મર્યાદાઓ હવે હોર્ડિંગ્સના વ્યાપારીકરણ પાછળ વેચાઈ ગઈ છે? તેવા સવાલો સાથે વાલીઓમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. જાહેર સ્થળો અને માર્ગો પર લાગતી કોઈપણ જાહેરાત કે હોર્ડિંગ્સ માટે સંબંધિત મહાનગરપાલિકા (GMC) અને વિજ્ઞાપન વિભાગ દ્વારા ચોક્કસ નિયમો અને માપદંડો નક્કી કરવામાં આવ્યા હોવા જોઈએ. છતાં ગાંધીનગરના રસ્તાઓ પર આ પ્રકારની વાંધાજનક જાહેરાતો બેરોકટોક ધમધમી રહી છે, જે તંત્રની રહેમનજર કે ઘોર બેદરકારી તરફ આંગળી ચીંધે છે.

માસૂમ બાળકીના રેપ-મર્ડર કેસમાં ફાંસીની સજા પામેલા જલ્લાદનું વડોદરા જેલમાં હાર્ટ એટેકથી મોત



ભરૂચ

ભરૂચના ઝઘડિયા GIDC વિસ્તારમાં માત્ર ૧૦ વર્ષની માસૂમ બાળકી સાથે હેવાનીયતની તમામ હદો વટાવી દુષ્કર્મ આચરી તેની નિર્મમ હત્યા કરનાર ફાંસીની સજા પામેલા નરાધમ કેદી વિજય પાસવાનનું વડોદરા સેન્ટ્રલ જેલમાં હાર્ટ એટેક આવવાથી મોત નીપજ્યું છે. કુદરતે જાણે માસૂમ બાળકીના આત્માને ન્યાય આપ્યો હોય તેમ જલ્લાદ સમાન આ કેદીને અચાનક છાતીમાં ઉપડેલા અસહ્ય દુખાવા બાદ સારવાર દરમિયાન દમ તોડી દેતા જેલ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ ચોંકાવનારી ઘટનાની વિગતો મુજબ, પાપી વિજય પાસવાને ૧૦ વર્ષની નિષ્પાપ બાળકીને પોતાની હવસનો શિકાર બનાવીને તેની ગળું દબાવી નૃશંસ હત્યા કરી નાખી હતી. આ હૃદયદ્રાવક ઘટનાથી સમગ્ર રાજ્યમાં ભારે આક્રોશની જ્વાળા ભડકી ઉઠી હતી. અદાલતે પણ આ કેસની ગંભીરતા અને ક્રૂરતાને ધ્યાને રાખીને આને 'રેરેસ્ટ ઓફ ધ રેર કેસ' ગણાવ્યો હતો અને આરોપી વિજય પાસવાનને અંતિમ શ્વાસ સુધી ફાંસીના માચડે લટકાવી દેવાની આકરી સજા ફટકારી હતી.

આહીર ભાવેશ સોલંકી દ્વારા સરકારને લેખિત આવેદનપત્ર

કેશોદ એરપોર્ટનું નામ 'વીર દેવાયત આપા બોદર એરપોર્ટ' કરવા માટે ઉગ્ર માંગ

જૂનાગઢ

જૂનાગઢના ઈતિહાસમાં પોતાના ઈલોકતા પુત્ર ઉગાનું અમૂલ્ય બલિદાન આપીને અમર થઈ ગયેલા ઈતિહાસના મહાન શૂરવીર અને ક્ષત્રિય આહીર સમાજના ગૌરવશાળી પ્રતીક એવા 'વીર દેવાયત આપા બોદર'ના નામ પર જૂનાગઢ જિલ્લાના કેશોદ સ્થિત એરપોર્ટનું નામકરણ કરવાની પ્રચંડ માંગ ઉઠી છે. ગુજરાત આહીર રેજિમેન્ટ જાગરૂકતાના આહીર ભાવેશ સોલંકી દ્વારા કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજ્ય સરકાર સમક્ષ આ ઐતિહાસિક માંગને લઈને સત્તાવાર રીતે લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે, જેને લઈને રાજકીય અને સામાજિક બેડામાં ભારે ચર્ચા જાગી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, વીર દેવાયત આપા બોદરે જૂનાગઢના રાજવંશ અને રાજગાદીની રક્ષા માટે પોતાના સગા અને ઈલોકતા પુત્ર ઉગાનું હસતા મુખે બલિદાન આપ્યું હતું.



જૂનાગઢના રાજા રા' ડિયાસની હત્યા બાદ યુવરાજ રા' નવઘણના પ્રાણોની રક્ષા કરવા માટે દેવાયત આપા અને તેમની ધર્મપત્ની સોનલબાઈએ અજોડ ત્યાગ અને સમર્પણનો ઈતિહાસ રચ્યો હતો. લોકવાયકા અને ઈતિહાસ મુજબ, જ્યારે સોલંકી શાસકને રા' નવઘણના જીવિત હોવાની જાણ થઈ, ત્યારે દેવાયત આપાની વફાદારીની કસોટી કરવા માટે રાજકુમારનું શિરચ્છેદ કરવાનો આદેશ અપાયો હતો. તે વિકટ ક્ષણે દેવાયત આપાએ પોતાના પુત્ર ઉગાને રાજકુમારના વસ્ત્રો પહેરાવીને રાજદરમાં મોકલી દીધો અને વચનધર્મ તથા માતૃભૂમિની રક્ષા માટે પોતાના જ દીકરાનું બલિદાન આપી દીધું હતું.

વર્ષોના સંઘર્ષ બાદ દેવાયત આપાએ ક્ષત્રિય આહીર યોદ્ધાઓને સાથે રાખીને મોટો સંઘર્ષ કર્યો હતો અને રા' નવઘણને ફરીથી જૂનાગઢની રાજગાદી અપાવવામાં મહામૂલું યોગદાન આપ્યું હતું. તેમના આ અદ્ભુત શૌર્યના કારણે જ લોકમાનસમાં 'રા' ને રાખનાર દેવાયત આપા બોદર' અને 'રા' ના રખોપાં દેવાયત ના દરબારમાં' જેવી અમર કહેવતો પ્રચલિત છે. ગીર-સોમ જિલ્લાના બોડીદર ગામે વીર દેવાયત આપાનું ભવ્ય મંદિર પણ આવેલું છે, જે તેમની લોકઆસ્થા અને ઐતિહાસિક સ્મૃતિની સાક્ષી પૂરે છે.

બોગસ ડોક્ટરો સામે તંત્રની લાલ આંખ

15 દિવસની મેગા ડ્રાઈવમાં 38 ઝડપાયા, 35 સામે FIR

ગાંધીનગર

ગુજરાતમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ અને ડિગ્રી વગરના લેભાગુ તબીબો સામે આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યવ્યાપી આક્રમક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો અને આરોગ્ય કમિશનર શ્રી રતનકંવર ગઢવી ચારણની સઘન દેખરેખ હેઠળ છેલ્લા ૧૫ દિવસથી ચલાવવામાં આવેલી સ્પેશિયલ મેગા ડ્રાઈવમાં મોટો પર્દાફાશ થયો છે. આ મેગા ડ્રાઈવની વિસ્તૃત માહિતી આપતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં કુલ ૨૯૮ વિશેષ ટીમો બનાવવામાં આવી હતી, જેણે સતત ૧૫ દિવસ સુધી ધમાકેદાર તપાસ હાથ ધરી હતી. અમદાવાદ, સુરત અને રાજકોટ સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી. અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમોએ આ ઓપરેશન પાર પાડ્યું હતું. આ સઘન તપાસ દરમિયાન કુલ ૩૮ શંકાસ્પદ બોગસ ડોક્ટરો પકડાઈ ચૂક્યા છે, જેમાંથી ૩૫ અનધિકૃત ડોક્ટરો વિરુદ્ધ તાત્કાલિક એફ.આઈ.આર. નોંધીને કાયદાકીય શિરોમણી કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે.



આ ડ્રાઈવ અંતર્ગત સૌથી વધુ રાજકોટમાં ૧૭ બોગસ ડોક્ટરો ઝડપાયા છે. જ્યારે સુરતમાં ૦૯, ગીર સોમનાથમાં ૦૩, સુરેન્દ્રનગરમાં ૦૨ અને અન્ય વિસ્તારોમાં ૧-૧ મળીને કુલ ૩૫ બોગસ ડોક્ટર સામે કાયદાનો ગાળિયો કસાડી દેવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારના અગાઉના દિશાનિર્દેશો અને સ્પષ્ટ ઠરાવ મુજબ બોગસ ડોક્ટરોની ઘાતક બદીને મૂળમાંથી ઉખાડી ફેંકવા માટે જિલ્લાવાર સભ્યોની ખાસ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી બાતમીદારોના માધ્યમથી સક્રિય રહીને દરોડાની આક્રમક કાર્યવાહી કરી રહી છે. આ સમિતિમાં તાલુકા હેલ્થ ઓફિસર, મેડિકલ હેલ્થ ઓફિસર, સંબંધિત વિસ્તારના પોલીસ સબ ઈન્સ્પેક્ટર, પોલીસ હેડ કોન્સ્ટેબલ, મલ્ટીપર્પસ હેલ્થ સુપરવાઈઝર, તાલુકા હેલ્થ કચેરીના સિનિયર ક્લાર્ક તેમજ સંબંધિત ગામ કે વિસ્તારના તલાટી-કમ-મંત્રીનો સમાવેશ કરાયો છે, જેથી કોઈ પણ ખૂણો બાકી ન રહે.

વનકર્મીઓની આરપારની લડાઈ

ગાંધીનગરમાં સરકારની જીદ સામે વનરક્ષકોનું મોટું એલાન, રાજ્યભરના જંગલોમાં તાળાબંધીની ચીમકી

ગાંધીનગર

ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યભરના વનરક્ષક (બીટ ગાર્ડ) અને વનપાલ કર્મચારીઓ છેલ્લા કેટલાક દિવસોથી પોતાની પડતર માંગણીઓને લઈને આંદોલનના મોરચે મક્કમતાથી ડટેલા છે. સરકાર દ્વારા સકારાત્મક ઉકેલ ન લાવવામાં આવતા અને મક્કમ વલણ દાખવવામાં આવતા હવે વનકર્મીઓએ આરપારની લડાઈ લડી લેવાનું મોટું એલાન કરી દીધું છે. રાજ્યના જંગલો અને વન્યજીવોની રક્ષા કરતા હજારો કર્મચારીઓ હવે વહીવટી તંત્રની ઉપેક્ષાથી કંટાળીને આક્રમક મોડમાં આવી ગયા છે.

ગ્રેડ પે અને જોખમ ભથ્થા મુદ્દે વનકર્મીઓનો સણસણતો આક્રોશ

વનરક્ષક કર્મચારી યુનિયનના નેતૃત્વ હેઠળ થઈ રહેલા આ આંદોલનમાં ગ્રેડ પે વધારો, જોખમ ભથ્થું, સમયસર પ્રમોશન



અને બદલીના નિયમો સરળ કરવા જેવી પાંચ મુખ્ય પડતર માંગણીઓ રજૂ કરવામાં આવી છે. વનકર્મીઓનું કહેવું છે કે ચોવીસે કલાક જંગલ અને વન્યજીવોની સુરક્ષામાં જાનનું જોખમ ખેડીને ફરજ બજાવવા છતાં તેમનો ગ્રેડ પે અત્યંત ઓછો છે. સરકારી કચેરીઓમાં બેસતા વર્ગ-૪ ના કર્મચારીઓ કરતા પણ ઓછું વેતન વનરક્ષકોને મળતું હોવાના ગંભીર આક્ષેપો સાથે કર્મચારીઓમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે.

ગાંધીનગરમાં ધામા : આવેદનપત્રો અને ઉપવાસ બાદ હવે ઉગ્ર આંદોલનનું શંખનાદ : ગાંધીનગરમાં એકઠા થયેલા હજારો વનકર્મીઓએ રક્તદાન કેમ્પ યોજીને અને અલગ-અલગ પ્રતીક વિરોધ દર્શાવીને સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સરકાર તરફથી યોગ્ય અને નક્કર બાંહેધરી ન મળતા વનકર્મીઓએ હવે કામગીરીથી અળગા રહીને આંદોલન વધુ તેજ બનાવવાની સ્પષ્ટ ચેતવણી આપી છે. જો આગામી દિવસોમાં સરકાર પોતાની જીદ છોડીને પડતર પ્રશ્નોનો કાયમી ઉકેલ નહીં લાવે, તો રાજ્યભરના અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જંગલ વિસ્તારોમાં વહીવટી તાળાબંધી કરીને સઘન હડતાળ પાડવાનું એલાન કરવામાં આવ્યું છે.

જંગલો અને સિંહ-દીપડા જેવા વન્યજીવોની સુરક્ષા રામભરોસે થવાનું જોખમ : સરકાર અને વનકર્મીઓ વચ્ચે સર્જાયેલા આ મડાગાંઠના કારણે રાજ્યના ગીર, કચ્છ, ડાંગ અને ઉત્તર ગુજરાતના વિશાળ જંગલ વિસ્તારોમાં વન્યજીવોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થચિહ્ન ઉભો થયો છે. એકતરફ વનકર્મીઓ માર્ગો પર ઉતરીને અવાજ ઉઠાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ જંગલોમાં ગેરકાયદેસર શિકાર કે વન સંપત્તિની ચોરી રોકવાવાળું કોઈ ન રહેતા મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. હવે જોવું એ રહ્યું કે વહીવટી તંત્ર વનકર્મીઓની આ વ્યાજબી માંગણીઓ સામે નમે છે કે પછી આ લડાઈ વધુ ઉગ્ર રૂપ ધારણ કરે છે.

મહેસાણામાં મહિલા સરપંચ અને તલાટીને ₹1 લાખની લાંચ માંગવી પડી ભારે

મહેસાણા

દિવાળીના તહેવારો ટાણે જ મહેસાણા જિલ્લામાં લાંચિયા સરકારી બાબુઓ સામે એન્ટી કરપ્શન બ્યૂરો (ACB)એ લાલ આંખ કરી છે. મહેસાણા તાલુકાના ગમનપુરા ગામના મહિલા સરપંચ અને તલાટી કમ મંત્રીને એક વેપારી પાસેથી 1 લાખની મોટી લાંચ માંગવી ભારે પડી ગઈ છે. અમદાવાદ ACBની ટીમે સફળ છટકું ગોઠવીને બંનેને લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડતા લાંચિયા કર્મચારીઓ અને સ્થાનિક રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી વિગતો અનુસાર, ફરિયાદી ગમનપુરા ગામની હદમાં આવેલી પોતાની જમીન NA (બિનખેતી) કરાવીને ત્યાં 'વોટર ટ્રીટમેન્ટ કેમિકલ યુનિટ'ના બાંધકામની મંજૂરી મેળવવા ઈચ્છતા હતા. આ બાંધકામ માટે પંચાયતની મંજૂરી અને જરૂરી કાગળો તૈયાર કરી આપવાના અવેજ પેટે ગમનપુરા ગામના સરપંચ મણીબેન ઠાકોર અને તલાટી કમ મંત્રી દીપ્તીબેન પટેલે 1 લાખની લાંચની સ્પષ્ટ માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે અમદાવાદ એન્ટી કરપ્શન બ્યૂરો (ACB)નો સંપર્ક કરી સમગ્ર વિગત જણાવીને લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે અમદાવાદ ACBની ટીમે તાત્કાલિક પ્લાન બનાવીને મહેસાણા ખાતે ગોઠવણ કરી હતી. નક્કી થયા મુજબ ફરિયાદી લાંચની રકમ આપવા પહોંચ્યા ત્યારે મહિલા સરપંચ મણીબેન ઠાકોરે પોતાના હિસ્સાના 80,000 અને તલાટી કમ મંત્રી દીપ્તીબેન પટેલે પોતાના હિસ્સાના 20,000 સ્વીકાર્યા હતા. લાંચની રકમ હાથમાં લેતાની સાથે જ આસપાસ ગોઠવાયેલી ACBની ટીમે દરોડો પાડીને બંને મહિલા અધિકારીઓને રંગેહાથ ઝડપી લીધી હતી.

મગરોના આશ્રયસ્થાન સમાન વિશ્વામિત્રી નદીમાં યુવક ફસાયો : મોતને થાપ આપી ફાયરબ્રિગેડે સીડીના સહારે બચાવ્યો જીવ

વડોદરા

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી અને ભયજનક મગરોના કુદરતી આશ્રયસ્થાન તરીકે સમગ્ર રાજ્યમાં કુખ્યાત એવી વિશ્વામિત્રી નદીમાંથી એક અત્યંત ચોંકાવનારી અને રૂંવાડા ઊભા કરી દે તેવી ઘટના સામે આવી છે. વિશ્વામિત્રી નદીમાં પાણી વચ્ચે ફસાયેલા એક યુવકનો જીવ સટોસટમાં મુકાઈ જતા આખા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

મળતી વિગતો મુજબ, પરશુરામ ભઠ્ઠા વિસ્તાર પાસેથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં અચાનક એક યુવક નદીની વચ્ચોવચ ફસાયેલો હોવાનું સ્થાનિક નજરે પડ્યું હતું. નદીના પાણીની વચ્ચે જીવ બચાવવા માટે લાચાર બનેલા આ યુવકને જોઈને આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને તુરંત જ પોલીસ કંટ્રોલ રૂમને આ આપત્તિજનક ઘટનાની જાણ કરવામાં આવી હતી. વિશ્વામિત્રી નદીમાં સેંકડોની સંખ્યામાં ખૂં મગરો મુક્તપણે વસવાટ કરે છે, ત્યારે નદીની વચ્ચોવચ ફસાયેલા યુવક માટે એક એક ક્ષણ ખૂબ જ કિંમતી અને મોત સમાન હતી. જો જરાય વિલંબ થયો હોત તો યુવક મગરોનો શિકાર બની શકે તેમ હતો. સ્થિતિની ગંભીરતા પારખીને પોલીસ તુરંત જ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિની નાજુકતા જોઈને તાત્કાલિક ફાયરબ્રિગેડની મદદ માંગવામાં આવી હતી.

ફાયરબ્રિગેડની કુશળ અને બહાદુર જવાનોની ટીમ સાધનો સાથે ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી. જવાનોએ પોતાના જાનની પરવા કર્યા વગર અત્યંત સાહસ દાખવીને સીડીના સહારે નદીના પ્રવાહ અને મગરોના જોખમ વચ્ચે ફસાયેલા યુવક સુધી પહોંચ્યા હતા.

વલસાડ જિલ્લાને વિકાસની મોટી ભેટ

CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે વાપીમાં 441 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન

વલસાડ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત સરકારે વિકાસની વધુ એક સીમાચિહ્નરૂપ ગતિ મેળવી છે. વલસાડ જિલ્લાના સર્વાંગી વિકાસને નવી ગતિ આપવા માટે વાપી ખાતે એક ભવ્ય અને પ્રેરણાદાયી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે વલસાડ જિલ્લાવાસીઓને અંદાજે રૂ. ૪૪૧ કરોડના મસમોટા વિકાસ પ્રકલ્પોની ભેટ આપવામાં આવી છે. આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રીઓ અને અગ્રણીઓની ગરિમામય ઉપસ્થિતિએ આ અવસરને વધુ વિશેષ બનાવ્યો હતો. વાપી ખાતે યોજાયેલા આ ભવ્ય લોકાર્પણ અને ખાતમુહૂર્ત સમારોહમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, કેબિનેટ મંત્રી



કનુભાઈ દેસાઈ તેમજ કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. જનપ્રતિનિધિઓ અને પ્રજાના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના ઉદ્યોગનગર ગણાતા વાપી અને સમગ્ર વલસાડ જિલ્લામાં માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે અનેક પ્રોજેક્ટ્સની ભેટ આપવામાં આવી છે. વલસાડ જિલ્લામાં શિક્ષણ, સ્વાસ્થ્ય, માર્ગ અને મકાન, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને શહેરી સુવિધા જેવા વિવિધ ક્ષેત્રોને આવરી લેતા રૂ. ૪૪૧ કરોડના કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. પૂર્ણ થયેલા કાર્યોથી જનતાને સીધી જ સુવિધાઓ મળતી થઈ ગઈ છે, જેનાથી નાગરિકોના જીવનધોરણમાં મોટો સુધારો આવશે. આગામી સમયમાં જિલ્લાનો ઝડપી વિકાસ થાય અને સ્થાનિક વેપાર-ઉદ્યોગ તેમજ જનજીવન વધુ સુલભ બને તેવા આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.

ગુજરાત સરકારે હંમેશાં છેવાડાના માનવી સુધી વિકાસના લાભો પહોંચાડવાની પ્રતિબદ્ધતા દાખવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ડબલ એન્જિન સરકાર જનહિતના કાર્યોને ઝડપથી જમીન પર ઉતારી રહી છે. વાપી અને વલસાડની જનતા માટે આ વિકાસકાર્યો એક નવો સૂર્યોદય લઈને આવ્યા છે, જેનાથી આ વિસ્તાર આર્થિક અને સામાજિક રીતે વધુ સમૃદ્ધ બનશે.

પાવીજેતપુર તાલુકાની ભેંસાવહી હાઈસ્કૂલના ઇન્ચાર્જ આચાર્ય તરીકે જી.સી. બારીયાની નિમણૂક થતા શિક્ષણ જગતમાં આણંદ

પાવીજેતપુર, ઇમરાન મિર્ઝા



પાવીજેતપુર તાલુકાના ભેંસાવહી ગામે આવેલી શ્રી આદિવાસી માધ્યમિક (ઉચ્ચતર માધ્યમિક) શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જી.સી. બારીયાને શાળાના ઇન્ચાર્જ આચાર્ય તરીકેની જવાબદારી સોંપવામાં આવતાં શિક્ષણજગતમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

જી.સી. બારીયા શાળામાં શિક્ષક તરીકે પોતાની ફરજ બજાવવાની સાથે છોટાઉદેપુર ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના સહમંત્રી તરીકે પણ સંગઠનાત્મક જવાબદારી નિભાવી રહ્યા છે. શિક્ષણક્ષેત્રે શૈક્ષણિક કામગીરીની સાથે શિક્ષક સંઘમાં મહત્ત્વનો હોદ્દો ધરાવતા બારીયાને હવે ભેંસાવહી હાઈસ્કૂલના ઇન્ચાર્જ આચાર્ય તરીકે નવી જવાબદારી મળતાં તેમના પર શાળાના શૈક્ષણિક અને વહીવટી સંચાલનની જવાબદારી પણ આવી છે.


તેમને ઇન્ચાર્જ આચાર્ય તરીકેની જવાબદારી મળતાં છોટાઉદેપુર ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારો, શિક્ષકમિત્રો અને શુભેચ્છકોએ હર્ષભેર અભિનંદન પાઠવ્યાં હતાં. આ પ્રસંગે સાથી શિક્ષકમિત્રોએ તેમને પુષ્પહાર પહેરાવી સન્માનિત કર્યા હતા અને ઉજ્જવળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ આશા વ્યક્ત કરી હતી કે જી.સી. બારીયાના માર્ગદર્શન હેઠળ ભેંસાવહી હાઈસ્કૂલ શૈક્ષણિક, વહીવટી અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વધુ પ્રગતિ કરશે.

કોડીનાર સગીરા ધર્માંતરણ કેસમાં વધુ 3 આરોપીઓની ધરપકડ કરાઇ

ઉનાવાની મીરા દાતાર દરગાહ બહાર શ્રદ્ધાળુઓના ચપ્પલ સાચવનાર બે આરોપીએ બંને સગીરા પર દુષ્કર્મ આચર્યું

ઉના, કૈલેશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં સગીરાના અપહરણ અને ધર્માંતરણ કરાવવાના ગંભીર કેસમાં પોલીસે કાર્યવાહી કરીને વધુ 3 આરોપીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા 3 આરોપીઓ ઉનાવાના રહેવાસી છે. આમાંથી બે ઉનાવાની મીરા દાતાર દરગાહ પાછળ જ રહે છે અને આ બંને આરોપીઓએ બંને સગીરા પર દુષ્કર્મ આચર્યું છે. બંને સગીરાના મેડિકલ રિપોર્ટમાં પણ દુષ્કર્મ થયાની પુષ્ટિ થઈ છે. સગીરા પર દુષ્કર્મ આચારનાર બે અને છેડતી કરનાર ત્રીજા એમ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો ઉપરાંત પોકસો હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા SITની રચના કરવામાં આવી છે.



કોડીનારની સગીરાની માતાએ 24 ઓક્ટોબર 2026ના રોજ કોડીનાર પોલીસ સ્ટેશનમાં પોતાની પુત્રી ગુમ થયાની રજૂઆત કરી હતી. પોલીસે આ ફરિયાદને ગંભીરતાથી લઈને અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન CCTV કેમેરાનાં ફૂટેજ અને મોબાઈલ ટાવર લોકેશનના આધારે ગુમ થયેલી સગીરા સાથે અન્ય એક સગીરા પણ હોવાનું જાણવા મળ્યું હતું. મહેસાણાના ઉનાવાની મીરા દાતાર દરગાહમાંથી બંને સગીરાઓ મળી આવી.

પોલીસ તપાસમાં બંને ભોગ બનનાર સગીરાઓ મહેસાણા જિલ્લાના ઉનાવા ગામની એક દરગાહમાં હોવાની માહિતી મળી હતી. જેથી પોલીસની ટીમ તાત્કાલિક ઉનાવા પહોંચી હતી અને સ્થાનિક પોલીસની મદદથી બંને સગીરાઓને સુરક્ષિત રીતે શોધી કાઢી કોડીનાર લાવવામાં આવી હતી. ત્યારબાદ તેમની માતાની હાજરીમાં પૂછપરછ કરતાં સમગ્ર ઘટનાની વિગતો સામે આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, સાકીર ઉર્ફે બબલી અતાફભાઈ પઠાણે અબ્દુલ હમીદભાઈ સંધીના કહેવાથી બંને સગીરાઓને ઉનાવા બોલાવી હતી.

જાસપુરમાં કરિયાણાની દુકાનમાંથી દારૂ ઝડપાયો : સાંતેજ પોલીસે 106 બોટલ જપ્ત કરી

ગાંધીનગર

ગાંધીનગરના સાંતેજ પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જાસપુર ગામથી અદાણી શાંતિગ્રામ તરફ જતા કાચા રસ્તા પર આવેલી એક કરિયાણાની દુકાન પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે બિનવારસી હાલતમાં રાખવામાં આવેલી વિદેશી દારૂની 106 બોટલો કિંમત રૂ. 21,460 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી ફરાર બુટલેગર સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાંતેજ પોલીસ મથકના પીઆઈ એસ.આર. ચૌધરીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે જાસપુર કેનાલ નજીક ખાનગી રાહે બાતમી મળી હતી કે જાસપુર ગામના ઠાકોરવાસમાં રહેતો નૈનસીંગ પુરણસીંગ ચૌહાણ પોતાની કરિયાણાની દુકાનમાં વિદેશી દારૂ રાખીને વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી દરોડો પાડ્યો હતો. દરોડા વખતે દુકાન બંધ હાલતમાં હતી અને કોઈ ઈસમ હાજર નહોતો. પોલીસે શંકાના આધારે દુકાન આગળ મુકેલા ખાલી કેરેટ હટાવીને તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂની 3 પેટીઓ મળી આવી હતી.

ગુજરાત ATSની ડ્રગ માફિયા સામે સર્જિકલ સ્ટ્રાઇક

આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કનો સૂત્રધાર સલીમ ડોલા આખરે શિકંજામાં આવ્યો

ગાંધીનગર

રાજ્યમાંથી નશાના કારોબારને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્કવોડ (ATS)એ આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સફળતા હાસિલ કરી છે. વર્ષ 2022ના બહુચર્ચિત અને હાઈ-પ્રોફાઈલ MD ડ્રગ્સ કેસમાં લાંબા સમયથી ફરાર આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા સલીમ ડોલાની કસ્ટડી મેળવવામાં ગુજરાત ATSને સફળતા મળી છે. કાયદાથી બચવા વિદેશમાં આશરો લઈને બેઠેલા આ કુખ્યાત ડ્રગ સ્મગલર સામે ઈન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી હતી. આ બહુચર્ચિત ગિરાફ્તારીથી દેશ-વિદેશમાં ફેલાયેલા ડ્રગ્સ કાર્ટેલમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



આ સમગ્ર મામલાની શરૂઆત વર્ષ 2022માં થઈ હતી, જ્યારે ગુજરાત ATSએ એક ગુપ્ત ઓપરેશન પાર પાડીને વડોદરા નજીક આવેલા સિંધરોટ ખાતે ધમધમતી ગેરકાયદેસર MD ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે આ ફેક્ટરી પર સપાટો બોલાવીને ઘટનાસ્થળેથી કરોડો રૂપિયાની કિંમતનું 87.728 કિલોગ્રામ તૈયાર MD ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ સિવાય મોટા પ્રમાણમાં ડ્રગ્સ બનાવવા માટે વપરાતું રો-મટીરિયલ અને પ્રોસેસિંગ ઈક્વિપમેન્ટ્સ પણ કબ્જે કરવામાં આવ્યા હતા. આ મિશનથી દેશભરમાં નશાના કાળા કારોબારના એક મોટા નેટવર્કનો ખુલાસો થયો હતો. સિંધરોટ ડ્રગ્સ ફેક્ટરી કેસની ઊંડાણપૂર્વક તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે આ સમગ્ર કાળા કારોબારનું સંચાલન અને ફાઇનાન્સિંગ આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા સલીમ ડોલા કરી રહ્યો હતો. તે વિદેશમાં બેસીને ભારતમાં ડ્રગ્સ બનાવવાનું અને તેનું સપ્લાય નેટવર્ક ચલાવવાનું ષડયંત્ર રચી રહ્યો હતો.

સલીમ ડોલા એજન્સીઓને ચકમો આપીને દેશ બહાર ભાગી છૂટ્યો હોવાથી તેની વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય સ્તરે શિકંજો કસવા માટે રેડ કોર્નર નોટિસ (Red Corner Notice) ઈશ્યૂ કરવામાં આવી હતી.

કોન્ટ્રાક્ટ પૂરો થવાના માત્ર 4 દિવસ અગાઉ શંકાસ્પદ અગ્નિકાંડ

સુરતની ખજોદ ડમ્પિંગ સાઈટ પર લાગેલી ભીષણ આગ કુદરતી હતી કે સુનિયોજિત ષડયંત્ર

સુરત

સુરત શહેરના ડ્રીમ સિટી અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સની નજીક આવેલી કુખ્યાત ખજોદ ડમ્પિંગ સાઈટ એકવાર ફરી વિવાદોના ભંવરમાં સપડાઈ છે. લાખો ટન કચરાના ડુંગરો માટે જાણીતી આ સાઈટ પર લાગેલી ભીષણ આગ કોઈ સામાન્ય અકસ્માત ન હતો, પરંતુ તે એક મોટું ષડયંત્ર હોવાની પ્રબળ શંકા વ્યક્ત થઈ રહી છે. પાક્કો ગુજરાત ના ઈન્વેસ્ટિગેશન અહેવાલે સુરત મહાનગરપાલિકા (SMC) અને કચરો નિકાલ કરતી એજન્સીની મિલીભગતની પોલ ખોલી નાખી છે. ખાસ કરીને, એજન્સીનો કોન્ટ્રાક્ટ પૂરો થવાના બરાબર ચાર દિવસ પહેલા જ આ પ્રકારે ભીષણ આગ લાગવી અને તંત્ર



દ્વારા કોઈ જ દંડાત્મક કાર્યવાહી ન કરવામાં આવવી અનેક ગંભીર સવાલો ખડા કરે છે. ખજોદ ડમ્પિંગ સાઈટ પર બાયોમાઈનિંગ અને કચરાના નિકાલની કામગીરી સંભાળતી એજન્સીનો મુદત પૂર્ણ થવામાં માત્ર 4 જ દિવસ બાકી હતા. નિયમ મુજબ એજન્સીએ નિર્ધારિત સમયમર્યાદામાં પૂરી કામગીરી પાર પાડવાની હતી અને જો કામ અધૂરું રહે તો ભારે પેનલ્ટી કે બ્લેકલિસ્ટ થવાની તલવાર લટકતી હતી.

પરંતુ, કરાર પૂરો થવાના ઠીક ચાર દિવસ પહેલા જ સાઈટ પર અચાનક રહસ્યમય સંજોગોમાં આગ ફાટી નીકળી હતી. હજારો ટન કચરો બળીને ખાખ થઈ ગયો અને આકાશમાં ધૂમ્રગોળો ગોટેગોટા વળી ગયા. સવાલ એ થાય છે કે શું આ આગ કુદરતી રીતે લાગી હતી કે પછી એજન્સીએ પોતાની ખામીઓ, ભ્રષ્ટાચાર અને કામ અધૂરું રહેવાના પુરાવાઓને રાખમાં ફેરવી દેવા માટે આ આગ જાણી જોઈને લગાડવામાં આવી હતી?

બનાસકાંઠાના અમીરગઢમાં નકલી સિમેન્ટનું મસમોટું કૌભાંડ

અદાણી, જેકે અને અલ્ટ્રાટેક જેવી દિગ્ગજ બ્રાન્ડ્સના નામે ધમધમતું હતું ગેરકાયદેસર ફેક્ટરીનું રેકેટ

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર ગણાતા અમીરગઢ પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારી, ભયાનક અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. લોકોના સ્વપ્ન સમાન ઘરો અને બાંધકામની મજબૂતી સાથે ખુલ્લેઆમ ચેડાં કરતું નકલી સિમેન્ટનું બહુમોટું કૌભાંડ પકડાયું છે. અમીરગઢ વિસ્તારમાં કોઈપણ જાતના કાયદેસરના લાયસન્સ કે મંજૂરી વગર દેશની નામાંકિત કંપનીઓ જેવી કે અદાણી સિમેન્ટ,



જેકે લક્ષ્મી સિમેન્ટ અને અલ્ટ્રાટેક સિમેન્ટના નામે નકલી સિમેન્ટ બનાવવાનું કાળું કારોબાર ધમધમી રહ્યું હોવાનો ભાંડો ફૂટતા સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી પ્રાથમિક વિગતો અનુસાર, અમીરગઢ પંથકમાં આવેલી એક ગોડાઉન/ફેક્ટરીમાં ગુપ્ત રીતે આ ગેરકાયદેસર ખેલ ચલાવવામાં આવી રહ્યો હતો. નફાખોરીમાં આંધળા બનેલા ભેળસેળિયા તત્વો હલકી ગુણવત્તાવાળા પાવડર, વેસ્ટ રાખ અને જૂના સિમેન્ટનું મિશ્રણ કરીને તેને બ્રાન્ડેડ સિમેન્ટની થેલીઓમાં પેક કરતા હતા. બજારમાં ઊંચી કિંમતે વેચાતી અદાણી, જેકે લક્ષ્મી અને અલ્ટ્રાટેક જેવી જાણીતી કંપનીઓ બોગસ અને હલકી કક્ષાની ગોણીઓ (બેગ્સ) છાપીને આ નકલી માલ પેક કરવામાં આવતો હતો. બહારથી જોતા અસલી લાગે તેવી આ બેગ્સને નિર્દોષ ગ્રાહકો અને બિલ્ડરોને અસલીના ભાવે પધરાવી દઈને લાખો રૂપિયાનો ચૂનો લગાડવામાં આવતો હતો. સિમેન્ટ એ કોઈપણ બાંધકામનો મુખ્ય પાયો છે. જો પુલ, મકાન કે સરકારી બાંધકામમાં આ પ્રકારે નકલી અને ગુણવત્તા વગરનો સિમેન્ટ વપરાય તો મોટો અકસ્માત સર્જાઈ શકે છે અને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે છે.

તંત્રી લેખ...


સિસ્ટમ નહીં, આપણી દાનત જ સડેલી છે! દિવાળીની મીઠાઈઓમાં નકલી માવા અને ભેળસેળનું પાપ આપણે ક્યારે ધોઈશું?

દિવાળી એટલે દીવાઓનો તહેવાર, ઉત્સાહનો પર્વ અને મોં મીઠા કરવાનો અવસર. પણ જરા ઊભા રહીને વિચારો કે આ પવિત્ર તહેવારમાં આપણે જે મીઠાઈઓ ખાઈ રહ્યા છીએ, તે ખરેખર મીઠાઈ છે કે પછી પરિવારના સ્વાસ્થ્ય માટે 'ધીમું ઝેર'?

રોજેરોજ અખબારોમાં અને ન્યૂઝ ચેનલોમાં ફૂડ સેફ્ટી વિભાગના દરોડાના સમાચારો આવે છે–ક્યારેક નકલી માવા પકડાય છે, તો ક્યારેક સિન્થેટિક દૂધ કે ચાંદીના નામે એલ્યુમિનિયમનો વરખ પકડાય છે. આપણે તંત્રને કોસીને સંતોષ માની લઈએ છીએ કે 'સરકાર શું કરે છે?' પણ કડવું સત્ય એ છે કે સિસ્ટમ કે સરકાર ખોટી નથી, ખોટી આપણી પોતાની માનસિકતા અને દાનત છે! દાયકાઓથી આ પાપ ચાલી રહ્યું છે અને આપણે જ તેને ચાલવા દઈએ છીએ.

મિલાવટ માવામાં નહીં, આપણી દાનતમાં છે!

બજારમાં કાજુ કતરી ખરીદવા જાવ ત્યારે સવાલ થાય છે કે ભાઈ, આમાં કાજુ ઓછા અને સિંગની કણકી કે મગફળીનું પાવડર કેમ વધારે છે? માવાના નામે વેચાતા પદાર્થોમાં અસ્વચ્છ, વાસી અને સડેલા પદાર્થોનું મિશ્રણ હોય છે. દુકાનમાં મીઠાઈ દેખાવમાં



સુંદર અને આકર્ષક લાગે, પણ મોંમાં મૂકતા જ ગળું પકડી જાય, ખાંસી ઉપડે કે ગળું બેસી જાય–આ અનુભવ લગભગ આપણે બધાએ ક્યારેક ને ક્યારેક કર્યો જ હશે.

છતાંય આપણે ચૂપ રહીએ છીએ. શા માટે? કારણ કે આપણને સસ્તું જોઈએ છે!

દેખાડાના સંબંધો અને સસ્તી ચીજવસ્તુઓની ઘેલછા

આજે સંબંધો પણ 'ફોર્માલિટી' બની ગયા છે. ઓફિસોમાં ગિફ્ટ આપવાની હોય, દૂરના સગા-સંબંધીઓને ડબ્બા મોકલવાના હોય કે પછી સોશિયલ સ્ટેટસ જાળવવાનું હોય; આપણને બધે જ 'સસ્તું અને વધુ' જોઈએ છે.

એક જ દુકાનમાં સરખા દેખાતી મીઠાઈના બે અલગ ભાવ કેમ હોય છે? એક ડબ્બો ૬૦૦ પ્રતિ કિલોના ભાવે મળે છે અને બાજુમાં જ બીજી ક્વોલિટી ૧૨૦૦ પ્રતિ કિલો વેચાય છે. આ અસમાનતાનો જવાબ દરેક સમજદાર માણસ જાણે છે. રૂ. ૬૦૦ વાળી મીઠાઈમાં અસલી કાજુ-માવો ક્યાંથી આવવાનો? ત્યાં તો ગેરકાયદેસર અને અંડરગ્રાઉન્ડ ધમધમતી ફેક્ટરીઓનો એ જ ઝેરી માવો વપરાવાનો જે ગરીબોના કે સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરે છે. સસ્તાની ઘેલછામાં આપણે જાતે જ જાણી-બૂજીને ઝેર ખરીદીને ઘરમારે લાવીએ છીએ.

તંત્રને સુફિયાણી સલાહ નહીં, આત્મનિરીક્ષણની જરૂર છે

આપણે દર વખતે તંત્રને લાંબી-લાંબી સલાહો આપીએ છીએ કે દરોડા વધારો, કાયદા કડક કરો. અરે ભાઈ! જ્યાં સુધી ગ્રાહક તરીકે આપણી ખરીદી કરવાની રીત નહીં બદલાય, ત્યાં સુધી કોઈ તંત્ર આ પાપ બંધ નહીં કરી શકે.

આવા ગંદા ધંધા કરનારાઓ ખુલ્લેઆમ એટલા માટે રમે છે કારણ કે તેમને ખબર છે કે 'આપણા દેશમાં સસ્તું આપશો એટલે ઘરાકી ખૂટવાની નથી.' પવિત્ર તહેવારના નામે ચાલતા આ ધંધાથી અજાણ બનીને આપણે આપણા જ બાળકો અને પરિવારના જીવન સાથે રમત રમી રહ્યા છીએ.

સમય આવી ગયો છે કે સુફિયાણી સલાહો આપવાનું બંધ કરીને સીધા અને જેન્યુઈન સવાલો પૂછવામાં આવે. સસ્તાના મોહમાં ઝેર ખરીદવાનું બંધ કરો, નહીંતર આ ધીમું ઝેર કિલોના હિસાબે નહીં, પણ ધીમે-ધીમે આખી પેઢીના સ્વાસ્થ્યને બરબાદ કરી નાખશે.

બાકી, 'ગંદે ધંધે પે ધંધા હે યે' ની માનસિકતા રાખીને જીવનારાઓને કદાચ કશું જ નડતું નથી, પણ સવાલ એ છે કે શું તમારે તમારા પરિવારને આ ઝેર ખવડાવવું છે? નિર્ણય તમારો છે!

- ગ્રુપ એડિટર પવન માકન

મધુબનીમાં શરમજનક કિસ્સો: મહિલા સાથે રંગરેલિયા મનાવતા ASIને ગ્રામજનોએ રંગેહાથ ઝડપ્યો, પાપ છુપાવવા સર્વિસ રિવોલ્વરથી અંધાધૂંધ ગોળીબાર



બિહારના મધુબની જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે, જ્યાં ખાખી વર્દીને શર્મસાર કરતી ઘટના બની છે. એક સહાયક પોલીસ સબ-ઇન્સ્પેક્ટર (ASI) પોતાની ડ્યુટી અને મર્યાદાઓ ભૂલીને એક મહિલા સાથે આપત્તિજનક સ્થિતિમાં પકડાઈ ગયો. જ્યારે ગ્રામજનોએ આ અનૈતિક કૃત્યનો વિરોધ કર્યો અને તેને પકડ્યો, ત્યારે પોતાના પાપને છુપાવવા અને બચવા માટે આ અક્ષમ્ય પોલીસકર્મીએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી ગ્રામજનો પર અંધાધૂંધ ફાયરિંગ કરી દીધું. આ ગોળીબારમાં એક નિર્દોષ વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

શું છે સમગ્ર ઘટના?

મળતી માહિતી મુજબ, આ ઘટના બિહારના મધુબની જિલ્લાના એક ગામમાં બની છે. અહીં તૈનાત એક ASI રાત્રે પોતાની ઓળખ અને પદનો દુરુપયોગ કરીને એક મહિલાના ઘરની અંદર અનૈતિક પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો. સ્થાનિક ગ્રામજનોને આ ગતિવિધિ પર શંકા ગઈ અને તેઓ જ્યારે ત્યાં પહોંચ્યા, ત્યારે ASI મહિલા સાથે રંગેરેલિયા મનાવતો રંગેહાથ ઝડપાઈ ગયો.

ગ્રામજનોએ જ્યારે આ પવિત્ર સંબંધોને લાંછન લગાવતા આ કૃત્યનો વિરોધ કર્યો અને ASIને ઘેરી લીધો, ત્યારે મામલો ઉગ્ર બની ગયો હતો. લોકરોષથી ડાયેલા અને પોતાની નોકરી તેમજ પદના અહંકારમાં આંધળા બનેલા પોલીસકર્મીએ સ્થિતિ પર કાબૂ મેળવવાના બદલે પોતાના ગુનાઈત માનસિકતાનું પ્રદર્શન કર્યું.

પાપ છુપાવવા સર્વિસ રિવોલ્વરથી રક્તપાત

ગ્રામજનોનો ગુસ્સો જોઈને ASIએ પોતાની સાથે રહેલી સરકારી સર્વિસ રિવોલ્વર બહાર કાઢી લીધી. ખાખી વર્દીની તાકાતનો દુરુપયોગ કરીને તેણે લોકો પર કોઈ પણ પ્રકારના સંકોચ વગર સીધી ગોળીઓ ચલાવવાનું શરૂ કરી દીધું. અચાનક થયેલા આ હુમલાથી ગામમાં ભાગદોડ મચી ગઈ અને ગભરાટ ફેલાઈ ગયો.

આ અંધાધૂંધ ફાયરિંગમાં એક સ્થાનિક ગ્રામજનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેનું હોસ્પિટલ લઈ જતા રસ્તામાં કે સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું છે. આ સિવાય અન્ય ત્રણ ગ્રામજનો પણ ગોળી વાગવાથી લોહીલુહાણ થઈ ગયા છે, જેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે અને તેમની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ગ્રામજનોનો આકોશ અને પોલીસ પ્રશાસનની કાર્યવાહી

ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારના સેંકડો લોકો ત્યાં એકઠા થઈ ગયા હતા અને પોલીસકર્મીની આ હેવાનિયત સામે ભારે રોષે ભરાયા હતા. ગ્રામજનોએ આક્રોશ વ્યક્ત કરતા આરોપી ASI વિરુદ્ધ સખતમાં સખત કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મામલો થાળે પાડવા અને સ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે તપાસ શરૂ કરી દીધી છે. આરોપી ASI વિરુદ્ધ હત્યા અને હત્યાના પ્રયાસ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધીને તેને કસ્ટડીમાં લેવાની અને સસ્પેન્ડ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ઘટનાએ બિહાર પોલીસની છબીને મોટો ફટકો આપ્યો છે અને સુરક્ષા આપનાર રક્ષક જ જ્યારે ભક્ષક બની જાય ત્યારે જનતા કોના પર વિશ્વાસ કરે તે મોટો સવાલ ઊભો થયો છે.

તહેવારોમાં મહારાષ્ટ્ર FDAનો સપાટો: પતંજલિના ગાયના ઘી સહિત 9 કરોડ રૂપિયાનો ખાદ્યજથ્થો સીઝ, 19 એકમોના લાયસન્સ રદ

મુંબઈ

મહારાષ્ટ્ર FDAના સત્તાવાર નિવેદન અનુસાર, છત્રપતિ સંભાજીનગરમાં પતંજલિ આયુર્વેદના સુપર ડિસ્ટ્રિબ્યુટર M/s દિવ્ય મહાવિતારક પાસેથી ગાયના ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ જથ્થાની કિંમત 20.20 લાખ રૂપિયા છે. વિભાગે ઘીનાં કુલ 4,032 યુનિટ જપ્ત કર્યાં હતાં. તેમાં 1,349.1 લિટર ઘીના 2,998 યુનિટની કિંમત 12.29 લાખ રૂપિયા અને 930.6 લિટર ઘીના 1,034 યુનિટની કિંમત 7.91 લાખ રૂપિયા છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006ની જોગવાઈઓના ભંગ સાથે સંબંધિત હોવાનું જણાયું હતું. FDAએ મુંબઈ, અમરાવતી અને છત્રપતિ સંભાજીનગર



વિભાગોમાં નમકીન, મીઠાઈ અને મસાલાનું ઉત્પાદન કરતા એકમો સહિત 19 વ્યવસાયોનાં લાઇસન્સ અથવા રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કર્યાં છે. તપાસ દરમિયાન કેટલીક જગ્યાએ અસ્વચ્છ વાતાવરણમાં ખાદ્ય ચીજવસ્તુઓનો સંગ્રહ, જીવાત નિયંત્રણની યોગ્ય વ્યવસ્થાનો અભાવ, સફાઈના રેકોર્ડ ન રાખવા, ફરજિયાત દસ્તાવેજો જાળવવામાં નિષ્ફળતા અને ખાદ્ય સુરક્ષાના ધોરણોનું પાલન ન થવા જેવી ખામીઓ સામે આવી હતી. આ અભિયાન દરમિયાન થાણે જિલ્લાના ભિવંડીમાં એવન્યૂ સુપરમાર્ટ્સ લિમિટેડ પાસેથી 1,44,218 કિલોગ્રામ ખાદ્ય તેલ જપ્ત કરવામાં આવ્યું હતું. જ્યારે સાતારા સ્થિત અમીન ટ્રેડર્સ પાસેથી 20,560 કિલોગ્રામ ચોખા, કઠોળ, ગોળ અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓ જપ્ત કરાઈ હતી. પુણે વિભાગમાં સાતારાની સ્વાતિ ઑઈલ મિલ્સ અને સોલાપુરના એસ.જી. ટ્રેડર્સ પાસેથી પણ ખાદ્ય તેલ જપ્ત કરવામાં આવ્યું હતું. 28થી 31 ઑક્ટોબર દરમિયાન FDAએ 17 એકમોમાંથી 79.40 લાખ રૂપિયાની કિંમતની પ્રતિબંધિત ખાદ્ય ચીજવસ્તુઓ જપ્ત કરી હતી. આ સમયગાળામાં 13 FIR નોંધવામાં આવી હતી, 16 લોકોની ધરપકડ કરાઈ હતી, સાત એકમોને સીલ કરવામાં આવ્યા હતા અને છ વાહનો જપ્ત કરાયાં હતાં. આ ઉપરાંત, નાશિક, છત્રપતિ સંભાજીનગર અને નાગપુર વિભાગોમાં 34 હોટલ, રેસ્ટોરાં અને ઢાબાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

મિટટર્મ ઇલેક્શન : અમેરિકી ઇતિહાસની સૌથી મોંઘી ચૂંટણી

મંગળવારે સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં મતદાન શરૂ થવા સાથે જ, ૨૦૨૬ની મધ્યસત્ર ચૂંટણીઓએ પહેલેથી જ એક એવો રેકોર્ડ બનાવી દીધો છે જેને કોઈ પરિણામ બદલી શકે તેમ નથી. તે અત્યાર સુધી નોંધાયેલી સૌથી મોંઘી મધ્યસત્ર ચૂંટણી છે, અને કેટલાક માપદંડો મુજબ કોઈપણ પ્રકારની ચૂંટણીઓમાં આ સૌથી મોંઘો ચૂંટણી સમયગાળો બની રહ્યો છે. એડ-ટ્રેકિંગ ફર્મ એડઇમ્પેક્ટના અંદાજ અનુસાર, ૩૧ ઓક્ટોબર સુધીમાં રાજકીય જાહેરાતો પર ૧૧.૨ અબજ ડોલર ખર્ચવામાં આવ્યા છે અથવા અનામત (રિઝર્વ) રાખવામાં આવ્યા છે, અને તેનું અનુમાન છે કે આ અંતિમ આંકડો લગભગ ૧૧.૬ અબજ ડોલર સુધી પહોંચશે. આ આંકડો ૨૦૨૪ના રાષ્ટ્રપતિ ચૂંટણી ચક્રમાં ખર્ચાયેલા લગભગ ૧૧.૨ અબજ ડોલરને પણ વટાવી જશે અને ૨૦૨૨ની મધ્યસત્ર ચૂંટણીમાં ખર્ચાયેલા ૮.૯ અબજ ડોલર કરતાં ઘણો વધારે છે. આ નાણાં સમાન રીતે વહેંચાયેલા નથી.

તે સેનેટની કેટલીક મુખ્ય બેઠકો, પુનર્ગઠિત થયેલા કેટલાક હાઉસ, મતવિસ્તારો અને અમુક ગવર્નરની ચૂંટણીઓમાં જ મોટાપાયે ઠલવાયા છે. આમાંના મોટાભાગના નાણાં ઉમેદવારો તરફથી નહીં, પરંતુ સુપર પીએસી, પક્ષ-સમર્થિત બિન-નફાકારક સંસ્થાઓ અને અત્યંત ધનાઢ્ય દાતાઓના એક નાના જૂથ તરફથી આવ્યા છે. આ વર્ષના ખર્ચનું પ્રમાણ અતિ વિશાળ છે. એડઇમ્પેક્ટના ટ્રેકર દર્શાવે છે કે આ ચક્રમાં રિપબ્લિકન અને તેમના સાથીઓએ જાહેરાત પર આશરે ૫.૧૮ અબજ ડોલર ખર્ચ્યા કે અનામત રાખ્યા છે, તેની સરખામણીમાં ડેમોક્રેટ્સે આશરે ૪.૭૭ અબજ ડોલર ખર્ચ્યા છે. કુલ ખર્ચમાં સૌથી મોટો હિસ્સો સેનેટની ચૂંટણીઓ રોકે તેવી શક્યતા છે; એડઇમ્પેક્ટ મુજબ સેનેટ સ્પર્ધાઓમાં લગભગ ૩.૪ અબજ ડોલરનો ખર્ચ થવાનો અંદાજ છે, જ્યારે હાઉસ ચૂંટણીઓની જાહેરાત આશરે ૨.૨ અબજ ડોલર રહેવાનું અનુમાન હતું. જાણકારોના મતે ખર્ચની ઝડપ અવિરત રહી છે. એડઇમ્પેક્ટ દ્વારા ૧ જૂન સુધીમાં ૪ અબજ ડોલરની રાજકીય જાહેરાતો ટ્રેક કરવામાં આવી હતી, જે ૨૦૨૪ના રાષ્ટ્રપતિ ચક્રના તે જ સમયગાળા કરતાં લગભગ ૪૬ ટકા વધુ હતી. ઓગસ્ટના મધ્ય સુધીમાં આ આંકડો ૫.૨ અબજ ડોલરને વટાવી ગયો હતો, જે ૨૦૨૨ની મધ્યસત્ર ચૂંટણીના તે તબક્કા કરતાં ત્રીજા ભાગ કરતાં પણ વધુ હતો. આ ચક્ર ઓક્ટોબરના મધ્યમાં ૧૦ અબજ ડોલરનો આંકડો પાર કરી ગયું હતું. એડઇમ્પેક્ટના રાજ્ય-સ્તરીય અંદાજો દર્શાવે છે કે કેલિફોર્નિયા ૯૭.૯ કરોડ ડોલરના અંદાજિત રાજકીય જાહેરાત ખર્ચ સાથે દેશમાં મોખરે છે, ત્યારબાદ મિશિગન ૮૫.૧ કરોડ ડોલર, ટેક્સાસ ૮૫ કરોડ ડોલર અને ઓહાયો ૭૪.૮ કરોડ ડોલર પર છે. ઉલ્લેખનીય છે કે, ટેક્સાસની સેનેટ સ્પર્ધા જેવી આ સ્થિતિનું પ્રતિબિંબ બીજે ક્યાંય જોવા મળતું નથી. ડેમોક્રેટિક રાજ્ય પ્રતિનિધિ ટેલારિકો ૧૯૯૪ પછી ટેક્સાસમાં રાજ્યવ્યાપી પદ જીતનારા પ્રથમ ડેમોક્રેટ બનવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમના હરીફ રિપબ્લિકન એટર્ની જનરલ કેન પેક્સટન છે, જેમના પ્રચાર અભિયાન પર વિવાદોની છાયા રહી છે પરંતુ તેમને બહારના ખર્ચનો જબરદસ્ત ટેકો મળ્યો છે. એડઇમ્પેક્ટ અનુસાર, આ સ્પર્ધામાં જાહેરાત ખર્ચ અને રિઝર્વેશન હવે ૫૬ કરોડ ડોલરને વટાવી ચૂક્યા છે, જે બિન-રાષ્ટ્રપતિ ચૂંટણી માટે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે.

કોઈ એક જૂથ અનિશ્ચિત સમય સુધી વિરોધ સ્થળ પર કબજો ન જમાવી શકે

દરેક નાગરિકને વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ જાહેર જગ્યાઓ રોકવાનો નહીં - સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક અને સણસણતો ચુકાદો

દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટે જાહેર રસ્તાઓ, ચોક કે આંદોલનના સ્થળો પર કાયમી કે અનિશ્ચિત સમય સુધી કબજો જમાવીને બેસી રહેવા સામે અત્યંત કડક અને સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદામાં ફટકાર લગાવતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, કોઈપણ એક ચોક્કસ જૂથ અથવા સંગઠન અનિશ્ચિત સમય સુધી વિરોધ પ્રદર્શનના સ્થળ પર એકાધિકાર કે કબ્જો જમાવીને બેસી શકે નહીં. વિરોધ પ્રદર્શન કરવો એ દરેક નાગરિકનો લોકતાંત્રિક અને મૂળભૂત અધિકાર છે, પરંતુ તેના નામે જાહેર સ્થળોને કાયમ માટે રોકી રાખવા કે સામાન્ય જનતાને હાલાકીમાં મુકવા તે બિલકુલ યોગ્ય નથી.

વિરોધ કરવાનો હક છે, પણ સામાન્ય જનતાના અધિકારોનું હનન ન થવું જોઈએ : કોર્ટની લાલ આંખ

દેશભરમાં ચાલતા વિવિધ આંદોલનો અને ધરણાં પ્રદર્શનો વચ્ચે સુપ્રીમ કોર્ટની આ ટીપ્પણી ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. અદાલતે જણાવ્યું હતું કે લોકશાહીમાં સરકાર સામે અવાજ ઉઠાવવાનો અને શાંતિપૂર્ણ વિરોધ કરવાનો અધિકાર દરેક નાગરિક અને સંગઠનને બંધારણે આપ્યો છે. આ અધિકારને છીનવી ન શકાય, પરંતુ આ હકના ઉપયોગના ચક્કરમાં અન્ય લાખો સામાન્ય નાગરિકોના હકો અને સ્વતંત્રતાનું હનન ન થવું જોઈએ. કલાકો સુધી કે અઠવાડિયા સુધી રસ્તાઓ અને જાહેર સ્થળો બ્લોક કરી દેવાથી ટ્રાફિક જામ થાય છે, ઇમરજન્સી સેવાઓ અટકે છે અને ધંધા-રોજગારને ભારે નુકસાન પહોંચે છે, જે સાંખી ન લેવાય.

પબ્લિક સ્પેસ પર કાયમી દબાણ સામે ન્યાયપાલિકાની સ્પષ્ટ ચેતવણી

સુપ્રીમ કોર્ટે ભૂતકાળના કેટલાક હાઈ-પ્રોફાઈલ આંદોલનો અને ધરણાંની નોંધ લેતા ટાંક્યું હતું કે વિરોધ પ્રદર્શન કરવા માટે ચોક્કસ જગ્યાઓ નક્કી હોય છે, પરંતુ કોઈપણ સંગઠન અથવા સમુદાય લાંબા સમય સુધી કે અનિશ્ચિત મુદત માટે પબ્લિક સ્પેસ પર કબજો જમાવીને બેસી રહે તે કાયદાકીય રીતે યોગ્ય નથી. જો દરેક જૂથ પોતાના સ્વાર્થ માટે રસ્તાઓ રોકવા લાગે, તો દેશની વ્યવસ્થા પડી ભાંગે. અદાલતના આ કડક વલણથી હવે કાયમી આંદોલનો ચલાવતા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

લોકશાહી અને કાયદાના શાસનની મજબૂતાઈ માટે સંતુલન જરૂરી

સર્વોચ્ચ અદાલતના આ નિર્દેશો સ્પષ્ટ સંદેશ આપે છે કે લોકશાહીમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા જેટલી મહત્વની છે, તેટલી જ દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવી પણ અનિવાર્ય છે. પ્રદર્શનકારીઓએ એ સમજવું પડશે કે તેમનો વિરોધ સરકાર સામે હોવો જોઈએ, પણ સામાન્ય જનતાની મુશ્કેલીઓ વધારનાર ન હોવો જોઈએ. સુપ્રીમ કોર્ટના આ તીખા અને દીર્ઘદ્રષ્ટિ વાળા ચુકાદાએ દેશમાં વિરોધ પ્રદર્શનોની મર્યાદાઓ અને સામાન્ય નાગરિકોના અધિકારો વચ્ચે એક મજબૂત રેખા દોરી દીધી છે.

ઇન્ડિગો ફ્લાઇટમાં ઇમરજન્સી દરવાજા સાથે છેડછાડ: દિલ્હીથી પુણે જઈ રહ્યું હતું વિમાન

દિલ્હીથી પુણે જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં સોમવારે એક પેસેન્જરે ઇમરજન્સી દરવાજાના લીવર સાથે છેડછાડ કરી. તેના કારણે ઉડાન દરમિયાન એલાર્મ વાગી ગયું અને મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ. આ ઘટના ફ્લાઈટ 6E6884માં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મુસાફર ગૌરવ સત્યેન્દ્ર રૌતેલા (33) પુણેનો રહેવાસી છે અને ઇમરજન્સી દરવાજા પાસે બેઠો હતો. ક્રૂ મેમ્બરની ફરિયાદ પર કેસ નોંધાયો ફ્લાઈટે સોમવારે રાત્રે લગભગ 12:45 વાગ્યે દિલ્હથી ઉડાન ભરી હતી. તે લગભગ 2 વાગ્યે પુણે પહોંચી હતી. ક્રૂ મેમ્બરની ફરિયાદ પર પેસેન્જર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપી પેસેન્જરને નોટિસ આપી છે. મામલામાં આગળની તપાસ



ચાલુ છે. તેની સામે નોંધાયેલા કેસમાં લગાવવામાં આવેલી કલમ બેદરકારી અથવા ઉતાવળમાં એવું કૃત્ય કરવા બદલ લાગુ પડે છે, જેના કારણે કોઈના જીવ અથવા વ્યક્તિગત સુરક્ષાને જોખમ ઊભું થાય.

પોલીસના જણાવ્યા અનુસાર, ટેકઓફના થોડા સમય બાદ પેસેન્જરે ઇમરજન્સી દરવાજાના લીવર પર લાગેલા કવર સાથે છેડછાડ કરી હતી. તેના કારણે એલાર્મ વાગી ગયું. પોલીસે તેની સામે એરક્રાફ્ટ એક્ટની કલમો પણ લગાવી છે. પેસેન્જરનો બચાવ- તેને ખબર નહોતી એરપોર્ટ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર ગોવિંદ પવારે જણાવ્યું કે પૂછપરછ દરમિયાન રૌતેલાએ પોતાનો બચાવ રજૂ કર્યો હતો. તેણે કહ્યું કે જિજ્ઞાસાના કારણે તેણે કવરને સ્પર્શ કર્યો હતો. રૌતેલાએ પોલીસને જણાવ્યું કે તેને ખબર નહોતી કે આ લિવર ઇમરજન્સી દરવાજા સાથે જોડાયેલો છે.

દિલજીત દોસાંજના 15 નવેમ્બરના શોને લઈને ઈન્દોરમાં બોમ્બની ધમકી, 3 શાળાઓ અને મેયર ઓફિસને મળ્યો ઈમેલ

ઇન્દોર



ઈન્દોરમાં પંજાબી ગાયક દિલજીત દોસાંજના 15 નવેમ્બર 2026ના કોન્સર્ટ પહેલા બોમ્બ ધમકીનો ઈમેલ મળતા ખળભળાટ મચી ગયો છે. શહેરની 3 શાળાઓ અને મેયર કાર્યાલયને પંજાબી ભાષામાં મોકલાયેલા આ ઈમેલમાં બાળકોને કાર્યક્રમથી દૂર રાખવાની ચેતવણી અપાઈ છે. 'ખાલિસ્તાની નેશનલ આર્મી'ના નામે અપાયેલી આ ધમકી બાદ પોલીસ અને બોમ્બ સ્ક્વોડે તપાસ શરૂ કરી છે. ઈન્દોરમાં 15 નવેમ્બર 2026ના રોજ પંજાબી સિંગર દિલજીત દોસાંજના પ્રસ્તાવિત કોન્સર્ટ પહેલાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ધમકી ઈમેલ દ્વારા શહેરની 3 શાળાઓ અને મેયર કાર્યાલયને મોકલવામાં આવી છે, જેનાથી શહેરમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. ઈમેલમાં મુખ્યત્વે વાલીઓને તેમના બાળકોને આ કાર્યક્રમથી દૂર રાખવાની ચેતવણી આપવામાં આવી છે. એડિશનલ DCP રાજેશ દંડોતિયાએ જણાવ્યું હતું કે, માહિતી મળતાં જ પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમોએ સંબંધિત શાળાઓ અને સ્થળો પર પહોંચીને કડક તપાસ હાથ ધરી છે. ક્રાઇમ બ્રાન્ચે આ ધમકીભર્યા ઈમેલની ટેકનિકલ તપાસ શરૂ કરી દીધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, તમામ ઈમેલ પંજાબી ભાષામાં લખાયેલા છે. જેમાં લખવામાં આવ્યું છે કે, 'દિલજીત દોસાંજના કાર્યક્રમમાં તમારા બાળકોને ન મોકલતા, કારણ કે ત્યાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે. આ ઈમેલ 'ખાલિસ્તાની નેશનલ આર્મી' ના નામે મોકલવામાં આવ્યો છે, જેમાં રુખન શાહવાલા, એન્જિનિયર ગુરનાખ સિંહ, ડો. ગુરનિરવેર સિંહ અને બબ્બર ખાલસા સાથે જોડાયેલા પ્રોફેસર ગુરકાલ સિંહ જેવા નામોનો ઉલ્લેખ છે. દિલજીત દોસાંજ હાલમાં તેમના દેશવ્યાપી ટૂર હેઠળ અલગ-અલગ શહેરોમાં પરફોર્મ કરી રહ્યા છે. દિલ્હીમાં સફળ શો બાદ તેમનો આગામી કોન્સર્ટ 15 નવેમ્બરે ઈન્દોરના C-21 ગ્રાઉન્ડમાં યોજાવાનો છે. આ ધમકી બાદ વહીવટી તંત્રે સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવી દીધી છે.



દાંતા-હડાદમાં ગયા વર્ષે વગર મંજૂરીએ ધમધમ્યા હતા ફટાકડાના સ્ટોલ: આ વર્ષે અંબાજી, દાંતા અને

હડાદમાં તંત્ર કાયદેસર મંજૂરી આપશે કે ફરી આંખ આડા કાન કરશે?

દાંતા

દિવાળીના પવિત્ર તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે બનાસકાંઠા જિલ્લાના અંબાજી, દાંતા અને હડાદ પંથકમાં ફટાકડા વેચાણ અને સલામતીની મંજૂરીને લઈને ભારે ચર્ચા અને સવાલો ઉઠી રહ્યા છે.

ગયા વર્ષે દાંતા અને હડાદના મુખ્ય બજારો તથા જાહેર રસ્તાઓ પર કોઈ પણ જાતની કાયદેસર મંજૂરી વગર ફટાકડાના સ્ટોલો બેફામ રીતે ધમધમ્યા હતા. ફાયર સેફ્ટીના નિયમોની ધજાગીરા ઉડાડીને ભીડભાડવાળી જગ્યાઓમાં ફટાકડાનું વેચાણ થયું હોવા છતાં સ્થાનિક તંત્ર અને પોલીસે કૌતુકવશ આંખ આડા કાન કર્યા હતા.

ત્યારે આ વર્ષે યાત્રાધામ અંબાજી સહિત સમગ્ર અમીરગઢ-દાંતા બેલ્ટમાં વેપારીઓ અને નાગરિકો વચ્ચે એક જ મોટો સવાલ ઘૂમરાઈ રહ્યો છે–શું આ વખતે કલેક્ટર અને મામલતદાર દ્વારા કાયદેસરની મંજૂરીઓ અપાશે કે પછી ફરીથી બોગસ અને ગેરકાયદે સ્ટોલોનો ખૌફનાક ખેલ ચાલશે?

ગત વર્ષની ભયાનક વાસ્તવિકતા એ હતી કે દાંતા અને હડાદના મુખ્ય માર્ગો પર ફટાકડાના સ્ટોલ લગાવવા માટે કોઈ પણ પ્રકારનું કલેક્ટર લાયસન્સ, પંચાયતની જગ્યાની પરવાનગી કે ફાયર NOC લેવામાં આવ્યા ન હતા.

સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે જે રસ્તાઓ પર આ ગેરકાયદે સ્ટોલો ઊભા કરાયા હતા, ત્યાંથી જ પોલીસ અને તંત્રના અધિકારીઓની ગાડીઓ દિવસમાં દસ વાર પસાર થતી હતી. આમ છતાં, કોઈ પણ અધિકારીએ એક પણ સ્ટોલ બંધ કરાવવાની કે તપાસ કરવાની હિંમત દાખવી ન હતી. તંત્રના આ અક્ષમ્ય વલણને કારણે અકસ્માત કે આગની મોટી દુર્ઘટનાનું જોખમ સતત તોળાતું રહ્યું હતું.

નિયમ અનુસાર, જાહેરમાં કે કામચલાઉ ધોરણે ફટાકડાનું વેચાણ કરવા માટે નીચે મુજબની પરવાનગીઓ મેળવવી ફરજિયાત છે: PESO લાયસન્સ: બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આપવામાં આવતું કામચલાઉ PESO લાયસન્સ. ફાયર NOC: સંબંધિત ફાયર વિભાગ દ્વારા આપવામાં આવતું સલામતી પ્રમાણપત્ર. જગ્યાની મંજૂરી: સ્થાનિક ગ્રામ પંચાયત અથવા વહીવટી તંત્ર દ્વારા ફાળવવામાં આવેલી સુરક્ષિત જગ્યા. પોલીસ વેરિફિકેશન: સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા કરાતી સ્થળ અને વ્યક્તિગત તપાસ.

આ તમામ નિયમો હોવા છતાં, જો ભીડભાડ વાળા બજારોમાં વગર સલામતીએ ફટાકડા વેચાય અને જો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેનો જવાબદાર કોણ?

આ વર્ષે શું તંત્ર 'Explosive Act 1884' હેઠળ કાર્યવાહી કરશે?

આ વર્ષે પણ વેપારીઓ અને નાગરિકોના મનમાં અનેક દ્વિધાઓ સર્જાઈ છે:

1. શું અંબાજી, દાંતા અને હડાદમાં ફટાકડા વેચાણ માટે તંત્ર દ્વારા યોગ્ય અને સુરક્ષિત સ્થળ ફાળવીને કાયદેસર મંજૂરી આપવામાં આવશે?
2. જો મંજૂરી નહીં આપવામાં આવે, તો શું ગયા વર્ષની જેમ આ વર્ષે પણ કોઈ પણ ડર વગર ગેરકાયદે સ્ટોલો ખુલશે?
3. જો ગેરકાયદે સ્ટોલો ખુલશે, તો તંત્ર ફરી એકવાર આંખ આડા કાન કરશે કે પછી Explosive Act 1884 ની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધીને સ્ટોલ ધારકો સામે કડક કાર્યવાહી કરશે?




ને. હાઈવે પર રખડતા ઢોરનો આતંક બન્યો જીવલેણ!

કોડીનાર-ઉના વચ્ચે સાંઢ સાથે બાઇક અથડાતાં 30 વર્ષીય યુવકનું મોત, એક યુવાન જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે

ઉના, કૈલેશ ભટ્ટ

કોડીનાર-ઉના ફોરટ્રેક હાઈવે પર રખડતાં પશુઓનો આતંક વધુ એક નિર્દોષ માનવજીંદગી ભરખી ગયો છે. દેવળી ગામના ઓળેશ્વર વાડી વિસ્તાર નજીક રાત્રિના સમયે રસ્તા પર અચાનક આવી ચડેલા રખડતા સાંઢ સાથે બાઈક અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં 30 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવાન ગંભીર રીતે ઘાયલ થતાં કોમામાં સરી પડ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી સાથે રખડતાં ઢોરની સમસ્યા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, કોડીનાર તાલુકાના દેવળી ગામના રહેવાસી ગોપાલભાઈ ગાંડાભાઈ મોરી (ઉ.વ. 30) અને લલિત વાણવી બાઈક પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન રાત્રિના 11 વાગ્યા બાદ દેવળીના ઓળેશ્વર નજીક હાઈવે પર અચાનક રસ્તાની વચ્ચે રખડતો સાંઢ આવી જતાં બાઈક તેની સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકસવાર બંને યુવાનો રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ગોપાલભાઈ મોરીને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય યુવાન લલિત વાણવીને પણ ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેઓ કોમામાં સરી પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. માત્ર 30 વર્ષની વયે યુવાનનું અકાળે અવસાન થતાં દેવળી ગામ સહિત આસપાસના વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

કોડીનાર-ઉના હાઈવેની આ દુર્ઘટનાએ ફરી એકવાર જાહેર માર્ગો પર રખડતાં ઢોરની ગંભીર સમસ્યાને ઉજાગર કરી છે. માત્ર કોડીનાર-ઉના માર્ગ જ નહીં, પરંતુ સોમનાથ-ભાવનગર જેવા નેશનલ હાઈવે પર પણ રખડતાં ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો હોવાની ફરિયાદો ઊઠી રહી છે. રસ્તાઓ પર અચાનક આવી ચડતાં પશુઓને કારણે વાહનચાલકોમાં અકસ્માતનો ભય સતત સતાવી રહ્યો છે.

ખાસ કરીને રાત્રિના સમયે અંધકારમાં રસ્તા વચ્ચે બેઠેલાં કે પસાર થતાં ઢોર વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યાં છે.એક તરફ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા વાહનચાલકો પાસેથી મસમોટી ટોલની રકમ વસૂલવામાં આવે છે, તો બીજી તરફ હાઈવે પર વાહનચાલકોની સલામતી માટેની પાયાની વ્યવસ્થાઓ સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. હાઈવે પર રખડતાં ઢોરને દૂર રાખવા માટેની અસરકારક વ્યવસ્થા ન હોવાના કારણે નિર્દોષ વાહનચાલકોએ જીવ ગુમાવવાનો વારો આવી રહ્યો છે.

પોરબંદર જિલ્લામાં રાત્રે 10 થી સવારના 6 વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન્સ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાની ચુસ્ત અમલવારી સુનિશ્ચિત કરવા નિવાસી અધિક કલેક્ટર આશિષ મિયાત્રા દ્વારા જિલ્લાના નાગરિકો, વેપારીઓ સહિત તમામ લોકોને જાહેરનામામાં દર્શાવેલી માર્ગદર્શિકાઓ અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી છે. નિવાસી અધિક કલેક્ટર આશિષ મિયાત્રાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સવારના ૬:૦૦ વાગ્યા સુધી કોઈપણ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે. ધ્વનિ અને વાયુ પ્રદૂષણ ફેલાવતા સિરીઝવાળા (લૂમ) ફટાકડા તેમજ ચાઈનીઝ તુક્કલ (Sky Lantern) ના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત ઉત્પાદકો દ્વારા બનાવવામાં આવેલા અને નિર્ધારિત ધ્વનિ સ્તર (Decibel Level) ધરાવતા માન્ય ફટાકડાનું જ ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરી શકાશે અને ફટાકડાનું વેચાણ પણ માત્ર લાઇસન્સ ધરાવતા વેપારીઓ જ કરી શકશે. આ ઉપરાંત, હોસ્પિટલ, નર્સિંગ હોમ, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો અને ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે.

બોડેલી તાલુકા સેવા સદનમાં ગંદકીનું સામ્રાજ્ય!

દિવાલો પર પાન-માવાની પિચકારીઓ, શૌચાલયની દયનીય હાલત; સરકારી કચેરીમાં જ સ્વચ્છતાના ધજાગરા!

બોડેલી, ઇમરાન મિર્ઝા

એક તરફ રાજ્ય સરકાર સ્વચ્છતા અભિયાનને પ્રોત્સાહન આપવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે અને નાગરિકોને સ્વચ્છતા જાળવવા અપીલ કરે છે, ત્યારે બીજી તરફ બોડેલી તાલુકા સેવા સદનમાં જોવા મળતી ગંદકી અનેક સવાલો ઊભા કરે છે.

બોડેલી તાલુકા સેવા સદનમાં પ્રવેશવાના માર્ગે, બગીચાની બાજુમાં આવેલી દિવાલો પર ઠેર-ઠેર પાન-માવાની પિચકારીઓ અને ગંદકી જોવા મળતી હોવાનું સામે આવ્યું છે. સરકારી કચેરીના પરિસરમાં જ સ્વચ્છતાની આવી સ્થિતિ હોય તો સામાન્ય નાગરિકો પાસેથી સ્વચ્છતાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય?





માત્ર દિવાલો જ નહીં, પરંતુ શૌચાલયની સ્થિતિ પણ ચિંતાજનક હોવાનું જોવા મળ્યું છે. જાહેર સુવિધાઓની સ્વચ્છતા જાળવવાની જવાબદારી કોની છે અને તેની નિયમિત દેખરેખ રાખવામાં આવે છે કે નહીં, તેવા સવાલો હવે ઊભા થઈ રહ્યા છે. સરકારી કચેરીમાં જ સ્વચ્છતાના નિયમોનું પાલન નહીં થાય તો ક્યાં થશે? સરકાર સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છતા માટે જનજાગૃતિ ફેલાવે છે અને સરકારી કચેરીઓમાં સ્વચ્છતા જાળવવા પર ભાર મૂકે છે. પરંતુ બોડેલી તાલુકા સેવા સદનની આ સ્થિતિ સ્વચ્છતાના દાવાઓ સામે સવાલો ઊભા કરે છે. શું સંબંધિત અધિકારીઓનું આ ગંદકી તરફ ધ્યાન નથી જતું? શું કચેરીની નિયમિત સફાઈ અને દેખરેખ માટે કોઈ વ્યવસ્થા કાર્યરત છે? જો વ્યવસ્થા છે, તો પછી દિવાલો અને શૌચાલયની આવી સ્થિતિ કેમ જોવા મળે છે? તાલુકા સેવા સદનમાં વિવિધ સરકારી કામકાજ માટે દરરોજ નાગરિકોની અવરજવર રહેતી હોય છે. આવા જાહેર સ્થળે સ્વચ્છતા જાળવવી માત્ર વહીવટી જવાબદારી જ નહીં, પરંતુ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુવિધા સાથે જોડાયેલો મહત્વનો મુદ્દો પણ છે.

બોડેલી તાલુકા સેવા સદનમાં દિવાલો પરની ગંદકી દૂર કરવામાં આવે, શૌચાલયની યોગ્ય સફાઈ કરવામાં આવે અને સમગ્ર પરિસરમાં નિયમિત સ્વચ્છતા જળવાય તે માટે સંબંધિત અધિકારીઓ તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ ઊઠી રહી છે.

હનીટ્રેપના 75 લાખની ઠગાઈ કેસમાં આરોપીને કોર્ટનો ઝટકો

પાલેજમાં ખરીદેલું રૂ. 12.70 લાખનું મકાન જપ્ત કરવાનો શિનોર કોર્ટનો આદેશ યથાવત; કરજણ સેશન્સ કોર્ટે આરોપીની રિવિઝન અરજી ફગાવી

વડોદરા, હસમુખ પટેલ

વડોદરા જિલ્લાના શિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હનીટ્રેપ અને બ્લેકમેલિંગ કેસમાં આરોપી આશિકહુસૈન ઉર્ફે તલાટી સિકંદરખા પઠાણે ગુનાની આવકમાંથી પાલેજ મકાન ખરીદેલ તે જપ્ત કરવાના શિનોર અદાલતના આદેશને પડકારતી ચોથા અધિક સેશન્સ જજ કરજણ કરેલ રિવિઝન અરજી ના મંજૂર કરવામાં આવેલ છે. તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ફરિયાદી હરેશભાઈ પટેલને મહિલા મારફતે હનીટ્રેપમાં ફસાવી બ્લેકમેલિંગ દ્વારા આશરે રૂ. ૭૫ લાખ પડાવવાના આક્ષેપ સાથે આઠ તથા એક અજાણ્યા વ્યક્તિ સામે શિનોર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પોલીસ તપાસમાં ફરિયાદીના નાણાંમાંથી રૂ. ૬.૯૦ લાખ



આરોપીના પુત્રના ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું તેમજ આરોપીએ રૂ. ૧૩.૮૦ લાખનાં સોનાનાં ઘરેણાં ખરીદ્યાં હોવાનું સામે આવ્યું હતું. તથા આરોપીએ પાલેજ ખાતે ચંદ્રનગર સોસાયટીમાં રૂ. ૧૨.૭૦ લાખનું મકાન ખરીદ્યું હતું. તપાસ અધિકારીની રજૂઆત મુજબ, ફરિયાદી પાસેથી કથિત રીતે પડાવાયેલી રકમમાંથી આશરે રૂ. ૨૫ લાખનો હિસ્સો આરોપીને મળ્યો હતો.આથી શિનોર મેજિસ્ટ્રેટ અદાલતે BNSS કલમ ૧૦૩ હેઠળ મકાન જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. જેની સામે આરોપીએ કરજણ સેશન્સ અદાલતમાં રિવિઝન અરજી કરી હતી. આરોપીના વકીલ આર. ડી. પટેલે મકાન ઉછીના નાણાં અને ગોલ્ડ લોનથી ખરીદ્યાની દલીલ કરી હતી, જ્યારે રાજ્ય સરકાર તરફે અધિક સરકારી વકીલ જે. એમ. કંસારાએ અરજીનો વિરોધ કર્યો હતો.બંને પક્ષોની દલીલો અને તપાસના દસ્તાવેજોનું અવલોકન કર્યા બાદ સેશન્સ અદાલતે નોંધ્યું હતું કે મુખ્ય ફોજદારી કેસની ટ્રાયલ પૂર્ણ થઈ ના હોય તો પણ ગુનાની આવકમાંથી મેળવેલી મિલકત કાયદેસરની પ્રક્રિયા હેઠળ જપ્ત કરી શકાય છે.આથી ચોથા એડિશનલ સેશન્સ જજ એમ.બી કોટક સાહેબની સેશન્સ અદાલતે શિનોર ના પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (એમ.એમ. સૈયદ) સાહેબના મકાન જપ્તીના આદેશને યથાવત્ રાખી આરોપીની રિવિઝન અરજી ફગાવી દીધી.

કરજણ પોલીસ ઊંઘતી ઝડપાઈ

કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એલ.સી.બી. વડોદરા ગ્રામ્ય ₹22,11,5004નો દારૂ તથા ગાડી પકડી

સાધલી, હસમુખ પટેલ

કરજણ તાલુકાના સોપા ગામની સીમમાંથી પસાર થતાં NE- 04 ઉપર મુંબઈ થી દિલ્હી જતી ટ્રેક ઉપર જિલ્લા એલ.સી.બી. એ આઈસર ગાડી અને તેમાં રૂપિયા 15,લાખ 5,304 નો વિદેશી દારૂ ઝડપી મુદ્દામાલ કરજણ પોલીસ સ્ટેશને ગુનો નોંધવા મોકલ્યો. વડોદરા જિલ્લા એલ.સી.બી. ગ્રામ્યના એએસઆઈ ભુપતભાઈ વિરમભાઈ તથા હેડ કોન્સ્ટેબલ ખોડાભાઈ, હેડ કોન્સ્ટેબલ પ્રવિણસિંહ, હેડ કોન્સ્ટેબલ વિનોદસિંહ, અને હેડ કોન્સ્ટેબલ હર્ષ કુમાર તારીખ 2 નવેમ્બર 2026 ના રોજ કરજણ પોલીસ સ્ટેશન વિસ્તાર ના સોપા ગામની સીમમાંથી પસાર થતાં NE- 04 ઉપર




મુંબઈ થી દિલ્હી જતી ટ્રેક પર હતા તે દરમિયાન એક આયસર ગાડી GJ 26 T 9916 ઝડપી પાડી અને તપાસ કરતા તેમાં પાસ અને પરમિટ વગરનો ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટી નંગ 128 જેમાં કુલ બોટલ 5256 અને તેની કિંમત રૂપિયા 15 લાખ 5 હજાર 304 તથા એક મોબાઈલ રૂપિયા 5000 આઈસર ગાડી 7,00,000 અને તાડપત્રી રૂપિયા 1000 મળીને કુલ 22,11,5004 ના મુદ્દા માલ સાથે ડ્રાઈવર કાંતિલાલ સવજીભાઈ મુછડીયા ઉંમર 45 વર્ષ ,રહેવાસી સરપદડ ગામ ,ખરાવાડ વિસ્તાર, તાલુકો પડધરી જીલ્લો રાજકોટ પકડાયો હતો, જયારે જથ્થો ભરી આપનાર અને ક્યાં અને કયા રસ્તે જવાનું છે તે જણાવનાર પિયુષભાઈ પ્રવીણભાઈ ભલારા ,રહેવાસી રાજકોટ, કોઠારીયા નાકા અને જથ્થો મંગાવનાર બીપીન ઉર્ફે જલારામ,ઉર્ફે કાણયો રહેવાસી લલીયા ,તાલુકો જીલ્લો અમરેલી તથા તપાસમાં આવે તે તમામ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ 65A-E,81,83,98 (2) મુજબની ફરિયાદ હેડ કોન્સ્ટેબલ વિનોદસિંહ કિશનસિંહ એ કરેલ છે.

બોખીરાના ગેસ્ટ હાઉસમાં દારૂની મહેફિલ પર એલ.સી.બી. નો દરોડો, ત્રણ શખ્સો ઝડપાયા!

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદરના બોખીરા ગોલાઈ પાસે આવેલા ક્રિષ્ના ગેસ્ટ હાઉસમાં પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન દારૂની મહેફિલ માણતા ત્રણ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. એલ.સી.બી. પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે ગેસ્ટ હાઉસના રૂમ નં. ૧૦૭માં દરોડો પાડવામાં આવતાં ત્રણ શખ્સો ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે મળી આવ્યા હતા.



આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, એલ.સી.બી. પોરબંદરના પોલીસ હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ દશરથસિંહ પરમાર સહિતનો પોલીસ સ્ટાફ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બોખીરા બસ સ્ટેન્ડ પાસે પહોંચતાં ખાનગી રાહે બાતમી મળી હતી કે બોખીરા ગોલાઈ પાસે આવેલા ક્રિષ્ના ગેસ્ટ હાઉસના રૂમ નં. ૧૦૭માં કેટલાક શખ્સો દારૂની મહેફિલ માણી રહ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખી ગેસ્ટ હાઉસમાં દરોડો પાડ્યો હતો. જ્યાં રૂમ નં. ૧૦૭માં તપાસ કરતાં ત્રણ શખ્સો બેઠેલા જોવા મળ્યા હતા. પોલીસે તેમની પૂછપરછ કરતાં (૧) ભરત ઉર્ફે કારૂ નાથાભાઈ ઓડેદરા (ઉ.વ. ૨૮), રહે. કુતિયાણા બહારપુરા, (૨) વિશ્વરાજસિંહ જગદીશસિંહ જાડેજા (ઉ.વ. ૨૩), રહે. નાની લાખાણી, તા. જી. જામનગર અને (૩) રમેશ વિરાભાઈ સોઢા (ઉ.વ. ૪૨), રહે. નરસંગ ટેકરી, પોરબંદર હોવાનું જાણવા મળ્યું હતું.

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી 6 નવેમ્બરથી ગુજરાતના પ્રવાસે

વાસદ આશ્રમથી પાટણ સુધી વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન; અમદાવાદમાં 'બિયોન્ડ નોલેજ' જ્ઞાનસત્ર, જેતપુરમાં મહાલક્ષ્મી હોમ યોજાશે

જીતેન્દ્ર ખીમલાણી

પ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લિવિંગના સંસ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ૬ થી ૧૩ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ગુજરાતની મુલાકાતે પધારી રહ્યા છે. આ દરમિયાન વાસદ, જેતપુર, અમદાવાદ અને પાટણ ખાતે વિવિધ આધ્યાત્મિક, ધાર્મિક અને જ્ઞાનસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના લાખો ભક્તો તેમના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની આ મુલાકાત દિવાળી તહેવારની ઉજવણી દરમિયાન યોજાઈ રહી છે, જે દરમિયાન અનેક પવિત્ર વૈદિક અનુષ્ઠાનો, હોમ, પૂજા, સત્સંગ અને વિશેષ જ્ઞાનસત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો દ્વારા લોકોમાં આધ્યાત્મિક જાગૃતિ, ભારતીય સંસ્કૃતિ અને માનવીય મૂલ્યોના પ્રસાર સાથે આનંદ અને સકારાત્મકતાનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. ૬ થી ૧૨ નવેમ્બર વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગના



ગુજરાત આશ્રમ ખાતે ગુરુદેવની ઉપસ્થિતિમાં 'ગુરુ સાનિધ્ય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિવિધ આધ્યાત્મિક અને ધાર્મિક આયોજન છે જેમકે સ્પિરિચ્યુઅલ સોજર્ન જ્ઞાનસત્ર, અષ્ટલક્ષ્મી હોમ, રુદ્ર પૂજા, ગણપતિ હોમ, ગોવર્ધન પૂજા અને અન્નકૂટ જેવા પવિત્ર અનુષ્ઠાનો. તદુપરાંત, પ્રોજેક્ટ ભારત અંતર્ગત યુવાચાર્યો, YLTP (યુથ લીડરશિપ ટ્રેનિંગ પ્રોગ્રામ)ના પ્રતિનિધિઓ, ગ્રામીણ શિક્ષકો અને આર્ટ ઓફ લિવિંગના સ્વયંસેવકો માટે વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકો અને કિશોરો માટે વિશેષ ઈન્ટ્યુશન ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો હેતુ તેમનામાં એકાગ્રતા, આત્મવિશ્વાસ અને આંતરિક ક્ષમતાઓના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ તમામ કાર્યક્રમો ઉપરાંત, ૬ થી ૧૨ નવેમ્બર દરમિયાન દરરોજ સાંજે ૬:૩૦ વાગ્યે ગુરુદેવ સાથે સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દરેક વ્યક્તિ ગુરુદેવનાં દર્શનનો લાભ લઈ શકશે. ૮ નવેમ્બરના રોજ જેતપુરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે મહાલક્ષ્મી હોમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર વૈદિક અનુષ્ઠાન દ્વારા સમૃદ્ધિ, સુખાકારી અને સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવશે.

અમદાવાદ-ગાંધીનગરમાં SMCના ચાર હુક્કાબાર પર દરોડા

અમદાવાદ-ગાંધીનગર

સ્ટેટ મોનીટરીંગ સેલે અમદાવાદ શહેરના સરખેજ, એલીસબ્રીજ અને ચાંદખેડા તેમજ ગાંધીનગરના ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ચાર સ્થળોએ હુક્કાબારની પ્રવૃત્તિ સામે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં હુક્કા, ફ્લેવર, તમાકુ, કોલસા અને અન્ય સાધનો મળી કુલ રૂ. 2,72,004નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

SMCના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એસ. ત્રિવેદીએ ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં હોટલ જય ક્રિષ્નાના બેઝમેન્ટમાં આવેલા ટેમ્પેશન કાફેમાં દરોડો પાડ્યો હતો. અહીં સંચાલક રોહિતકુમાર સુદામા પાંડે સહિત હુક્કા પીવા આવેલા 12 ગ્રાહકો મળી આવ્યા હતા. સ્થળેથી રૂ. 8,100નો મુદ્દામાલ કબજે કરાયો હતો. એલીસબ્રીજના TC's લાઉન્જ એન્ડ રેસ્ટોરન્ટમાં પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. ચાવડાની કાર્યવાહીમાં માલિક પથિકભાઈ શાહ, મેનેજર, કેશિયર અને કર્મચારીઓ સહિત આઠ જણા મળી આવ્યા હતા. અહીંથી રૂ. 1,46,530નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

ચાંદખેડાના ઝુંડાલ સર્કલ પાસે આવેલા કિંગ્સ કાફેમાં પોલીસ ઈન્સ્પેક્ટર બી.પી. દેસાઈએ દરોડો પાડતાં માલિક સાવનકુમાર પરમાર સહિત ત્રણ જણા મળી આવ્યા હતા. સ્થળેથી 25 હુક્કા સહિત રૂ. 48,445નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. જ્યારે સરખેજ વિસ્તારમાં સિંધુ ભવન રોડ પર આવેલા જેકલ લાઈવ કાફેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.જી. એનુરકારની કાર્યવાહીમાં માલિક જીગર હસમુખભાઈ પટેલ પાસેથી રૂ. 68,929નો મુદ્દામાલ કબજે કરાયો હતો.



ઓરી અને સારા અલી ખાન વચ્ચેની વર્ષો જૂની દોસ્તી હવે પૂરી થઈ ગઈ

સારા અલી ખાન પર ભડક્યો ઓરી, મિત્રતા તૂટવાનું કારણ જણાવ્યું

મુંબઈ

સોશિયલ મીડિયા સેન્સેશન ઓરી અને બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાન વચ્ચેની વર્ષો જૂની મિત્રતાનો અંત આવ્યો છે. ઓરીએ સારા અને તેના મમ્મી અમૃતા સિંહને સોશિયલ મીડિયા પર અનફોલો કર્યા છે. એક શોમાં ઓરીએ જણાવ્યું કે, મુશ્કેલ સમયમાં સારા તેની પડખે ન ઊભી રહી, જ્યારે ગોવામાં કાનૂની વિવાદમાં તે સારા સાથે ઊભો રહ્યો હતો. અમૃતા સિંહે પણ તેના વિશે ખોટી વાતો કરી હતી. સોશિયલ મીડિયા પર ઈન્ટરનેટ સેન્સેશન તરીકે જાણીતો ઓરહાન અવાત્રામણી (ઓરી) અને બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન વચ્ચેની વર્ષો જૂની દોસ્તી હવે પૂરી થઈ ગઈ છે. ઓરીએ હાલમાં જ એક શોમાં આ વિવાદ અંગે ખુલ્લીને વાત કરી છે. ઓરીએ સ્પષ્ટ કર્યું કે તેણે સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહને સોશિયલ મીડિયા પર અનફોલો કરી દીધાં છે. ઓરીએ પોતાની નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, 'સારા મારી નાનપણની અને કોલેજ સમયની જૂની મિત્ર હતી. મેં તેના દરેક મુશ્કેલ સમયમાં સાથ આપ્યો છે. જ્યારે ગોવામાં તે એક મોટા કાનૂની વિવાદમાં ફસાઈ હતી ત્યારે લોકોએ મને તેનાથી દૂર રહેવાની સલાહ આપી હતી, છતાં હું તેની, તેની માતા અને તેના ભાઈની સાથે ઢાલ બનીને ઊભો રહ્યો હતો. પરંતુ જ્યારે મારા જીવનમાં એક મુશ્કેલ તબક્કો આવ્યો ત્યારે તેણે એક ફોન કરીને પણ મારો હાલચાલ ન પૂછ્યો. જ્યારે ટેબલ ફ્લિપ થયું ત્યારે તે મારી પડખે ઊભી ન રહી, જેનાથી મને ખૂબ દુઃખ થયું છે.' આ વિવાદમાં વધુ ખુલાસો કરતાં ઓરીએ જણાવ્યું કે, 'સારાના મમ્મી અમૃતા સિંહે મને ખૂબ ઠપકો આપ્યો હતો અને અન્ય લોકો સામે પણ મારા વિશે ખોટી વાતો કરી હતી. તેમણે આટલા ખરાબ વ્યવહાર પછી પણ અત્યાર સુધી મારી માફી માંગી નથી. જો અમૃતા સિંહ મારી માફી માંગશે, તો જ હું ભવિષ્યમાં આ બાબતને ભૂલીને આગળ વધવા વિશે વિચારી શકું છું.' આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ઓરીએ સોશિયલ મીડિયા પર '3 સૌથી ખરાબ નામ' શીર્ષક સાથે એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં તેણે ત્રણ નામો લીધા, જેમાં 'સારા', 'પલક' અને 'અમૃતા'નો સમાવેશ થતો હતો. ભલે ઓરીએ આમાં કોઈ સરનેમનો ઉલ્લેખ નહોતો કર્યો, છતાં સોશિયલ મીડિયા યૂઝર્સે આ નામોનો સીધો સંબંધ સારા અલી ખાન, પલક તિવારી અને અમૃતા સિંહ સાથે જોડી દીધો હતો.

સુકેશ વિરુદ્ધ થયેલી તપાસમાં સામે આવ્યું કે તે અને એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસ રિલેશનશિપમાં હતાં.

પાન મસાલા એડ નોટિસ મુદ્દે અજય દેવગન લાલઘૂમ

અજય દેવગણે વિમલ ઇલાયચીની જાહેરાત બદલ મહારાષ્ટ્ર FDA દ્વારા અપાયેલી શો-કોઝ નોટિસને બોમ્બે હાઈકોર્ટમાં પડકારી

મુંબઈ

બોલિવૂડ અભિનેતા અજય દેવગણે વિમલ ઈલાયચીની જાહેરાત બદલ મહારાષ્ટ્ર FDA દ્વારા અપાયેલી શો-કોઝ નોટિસને બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. દેવગણે આરોપ લગાવ્યો છે કે FDA એ પૂર્વગ્રહ રાખીને કાર્યવાહી કરી છે અને તેમનો ખુલાસો ધ્યાને લીધા વિના જ નોટિસ આપી છે. આ મામલે હાઈકોર્ટ 4 નવેમ્બરે સુનાવણી કરશે. દેવગણના મતે, તેમણે માત્ર ઈલાયચીની જાહેરાત કરી છે, જે કાયદેસર ઉત્પાદન છે. બોલિવૂડ અભિનેતા અજય દેવગણે વિમલ ઈલાયચીની જાહેરાત કરવા બદલ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા ફટકારવામાં આવેલી શો-કોઝ નોટિસને માત્ર એક દેખાડો અને ઔપચારિકતા ગણાવીને બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. હાઈકોર્ટની બેંચ 4 નવેમ્બરે આ અરજી પર સનાવણી કરે તેવી શક્યતા છે. અજય દેવગણે બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરેલી રિટ અરજીમાં જણાવાયું છે કે, FDA એ તેમનો ખુલાસો ધ્યાને લીધા વિના જ વિમલ ઈલાયચીની જાહેરાતને વિમલ પાન મસાલાના પ્રમોશન તરીકે માનીને પહેલેથી જ નિર્ણય લઈ લીધો છે. 16 ઓગસ્ટે આપેલી કારણ દર્શાવો નોટિસ પૂર્વયોજિત હતી અને તે ન્યાયના કુદરતી સિદ્ધાંતોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. ઉલ્લેખનીય છે કે, 16 ઓગસ્ટના રોજ મહારાષ્ટ્ર FDA એ અજય દેવગણ, શાહરૂખ ખાન અને ટાઈગર શ્રોફને નોટિસ પાઠવી હતી. FDA નો દાવો હતો કે આ સરોગેટ એડવર્ટાઈઝિંગછે, કારણ કે વિમલ બ્રાન્ડ મુખ્યત્વે પાન મસાલા અને ગુટખા સાથે જોડાયેલી છે, જે મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત છે. અજય દેવગણે તેમના જવાબમાં સ્પષ્ટતા કરી છે કે તેમણે માત્ર વિમલ ઈલાયચીની જ જાહેરાત કરી છે, જે બજારમાં મુક્તપણે વેચાય છે અને તેના પર કોઈ પ્રતિબંધ નથી. તેમણે ઉમેર્યું કે FDA એ ઈલાયચી અને પાન મસાલાને એક ગણીને ભૂલ કરી છે.



કિંગ'ના ગીતમાં દીપિકાનો ભગવો લુક ફરી ચર્ચામાં

વિવાદે રાજકીય સ્વરૂપ ધારણ કર્યું હતું અને ફિલ્મના બહિષ્કારની માગ પણ ઉઠી હતી


મુંબઈ

કિંગ ખાન શાહરૂખના 61મા જન્મદિવસે તેમની આગામી ફિલ્મ 'કિંગ'નું પ્રથમ ગીત 'તૂ મિલ જાયે' રિલીઝ થતાં જ ચર્ચામાં આવ્યું છે. ગીતમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણની રોમેન્ટિક કેમેસ્ટ્રીની સાથે દીપિકાના ભગવા રંગના પોશાકે પણ દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. દીપિકાના આ લુકને જોઈને સોશિયલ મીડિયા પર ત્રણ વર્ષ પહેલાં આવેલી ફિલ્મ 'પઠાણ'ના ગીત 'બેશરમ રંગ'નો વિવાદ ફરી યાદ કરવામાં આવી રહ્યો છે.

ગીતના કેટલાક દૃશ્યો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા યુઝર્સ દીપિકાના ભગવા આઉટફિટની સરખામણી 'પઠાણ'માં પહેરેલી ભગવા રંગની બિકીની સાથે કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે બંને ફિલ્મોના દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ છે. આ સમાનતાને કારણે કેટલાક લોકો સવાલ કરી રહ્યા છે કે શું 'કિંગ'માં પણ ભગવા રંગની પસંદગી જૂના વિવાદને ફરી ચર્ચામાં લાવશે? જોકે, ફિલ્મના નિર્માતાઓએ આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

ગીત રિલીઝ થયા બાદ દીપિકાના ભગવા લુકના સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયા હતા. કેટલાક યુઝર્સે મજાકિયા અંદાજમાં લખ્યું કે, 'શું શાહરૂખ ખાને કોઈને ટ્રોલ કર્યા?' તો અન્ય લોકોએ કહ્યું કે દીપિકા ફરી ભગવા કપડાંમાં જોવા મળી રહી છે. એક ઈન્સ્ટાગ્રામ રીલમાં આ વખતે પણ વિવાદ થશે કે નહીં તે જોવાની ઉત્સુકતા વ્યક્ત કરવામાં આવી હતી. જોકે, કેટલાક દર્શકોએ ગીતના રોમેન્ટિક દૃશ્યો અને બંને કલાકારોની કેમેસ્ટ્રીની પ્રશંસા પણ કરી છે.

વર્ષ 2023માં રિલીઝ થયેલી 'પઠાણ'ના ગીત 'બેશરમ રંગ'માં દીપિકા ભગવા રંગની બિકીનીમાં જોવા મળી હતી. આ પોશાકને લઈને કેટલાક ધાર્મિક સંગઠનો અને રાજકીય નેતાઓએ વાંધો ઉઠાવ્યો હતો. ભગવા રંગને હિંદુ ધર્મમાં પવિત્ર માનવામાં આવતો હોવાથી ગીતના શીર્ષક અને પોશાકના સંયોજન સામે ધાર્મિક લાગણીઓ દુભાતી હોવાનો આક્ષેપ થયો હતો. તે સમયે મધ્ય પ્રદેશના તત્કાલીન ગૃહપ્રધાન નરોત્તમ મિશ્રાએ દીપિકાના પોશાક સામે વાંધો વ્યક્ત કરીને ગીતમાં ફેરફાર કરવાની માગ કરી હતી અને ફિલ્મને રાજ્યમાં રિલીઝ ન થવા દેવાની ચેતવણી આપી હતી. વિશ્વ હિંદુ પરિષદ સહિતના કેટલાક સંગઠનોએ પણ વિરોધ નોંધાવ્યો હતો. વિવાદ વધ્યા બાદ દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદે સ્પષ્ટતા કરી હતી કે ભગવા રંગની પસંદગી કોઈ ખોટા ઈરાદાથી કરવામાં આવી નહોતી, પરંતુ ગીતના સૂર્યપ્રકાશવાળા માહોલ અને દૃશ્યોને અનુરૂપ હતી. ત્યારબાદ કેન્દ્રીય ફિલ્મ પ્રમાણન બોર્ડે પણ ફિલ્મમાં કેટલાક ફેરફારો સૂચવ્યા હતા.





દિયા મિર્ઝાની દિવાળી એડ હટાવવા મુદ્દે BMCને બોમ્બે હાઇકોર્ટની ફટકાર

મુંબઈમાં પ્રદૂષણ-મુક્ત દિવાળીના વીડિયોને લઈને હોબાળો, ભાજપના વાંધા બાદ BMCએ દિયા મિર્ઝાનો વીડિયો હટાવ્યો

મુંબઈ

બોમ્બે હાઈકોર્ટે BMC દ્વારા દિયા મિર્ઝાની પ્રદૂષણમુક્ત દિવાળીની એડ હટાવવા બદલ નારાજગી વ્યક્ત કરી છે. મેયર અને ભાજપ નેતાના વાંધા બાદ BMCએ જાહેરાત હટાવી હતી. કોર્ટે જણાવ્યું કે પર્યાવરણ અને પ્રદૂષણનો મુદ્દો દરેક નાગરિકના સ્વાસ્થ્ય સાથે જોડાયેલો છે અને તેમાં રાજકારણને સ્થાન ન હોવું જોઈએ. દિયા મિર્ઝાએ પણ આ નિર્ણય સામે સવાલ ઉઠાવ્યા હતા. મુંબઈ મહાનગરપાલિકા (BMC) દ્વારા પ્રદૂષણ મુક્ત દિવાળીના અભિયાન માટે બનાવવામાં આવેલા જાગૃતિ વીડિયોમાંથી બોલિવૂડ અભિનેત્રી દિયા મિર્ઝાની એક એડ હટાવી દેવાના મામલે બોમ્બે હાઈકોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

મુંબઈના મેયર રીતુ તાવડે અને ભાજપના નેતા અમિત સાટમે દિયા મિર્ઝાની એડ સામે વાંધો ઉઠાવ્યો હતો, જેના પગલે બીએમસીએ કોઈ પણ ખુલાસા વગર આ વીડિયો સોશિયલ મીડિયા પરથી દૂર કરી દીધો હતો. બીએમસીએ દિવાળી દરમિયાન ફટાકડાથી થતા હવા અને અવાજના પ્રદૂષણને રોકવા માટે દિયા મિર્ઝા, માધુરી દીક્ષિત, નિશિગંધા વાડ અને ક્રિકેટર અજિંક્ય રહાણે જેવા સેલેબ્રિટીઝ સાથે વીડિયો તૈયાર કર્યા હતા. પરંતુ ભાજપ નેતા અમિત સાટમે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'અમારે દિવાળી કેવી રીતે ઉજવવી તે શિખવાની જરૂર નથી, અમારી પરંપરાઓ સંસ્કૃતિ સાથે જોડાયેલી છે.' તેમની આ ટિપ્પણી બાદ બીએમસીએ દિયા મિર્ઝાનો વીડિયો ડિલીટ કરી દીધો હતો. મેયર રીતુ તાવડેએ પણ આ નિર્ણયનું સમર્થન કરતાં દિયા મિર્ઝા પર હિન્દુત્વ વિરોધી હોવાનો આક્ષેપ કર્યો હતો. જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ નીલા ગોખલેની બેન્ચે આ મુદ્દે સુનાવણી કરતા જણાવ્યું હતું કે, 'પર્યાવરણ અને પ્રદૂષણનો મુદ્દો દરેક નાગરિકના સ્વાસ્થ્ય સાથે જોડાયેલો છે. પછી તે કોઈ પણ ધર્મ કે જ્ઞાતિનો હોય, આપણે બધા એક જ હવામાં શ્વાસ લઈએ છીએ.

સૂરજ બડજાત્યાની 'સાવન આયા હૈ'એ ફરી તાજી કરી જૂના જમાનાના રોમાન્સની યાદ

મુંબઈ

વરસાદ અને રોમાન્સનો સંબંધ હિન્દી સિનેમામાં હંમેશાંથી ખૂબ જ ખાસ રહ્યો છે. આ સુંદર સંગમને પડદા પર રજૂ કરવામાં સૂરજ આર. બડજાત્યાની પોતાની એક આગવી શૈલી રહી છે. 'હમ આપકે હૈં કૌન..!'ના 'યે મૌસમ કા જાદૂ હૈ મિતવા'થી લઈને 'હમ સાથ સાથ હૈં'ના 'મ્હારે હિવડા મેં નાચે મોર' સુધી, તેમની ફિલ્મોમાં સંગીત હંમેશાં પ્રેમકથાઓનો એક મહત્વપૂર્ણ હિસ્સો રહ્યું છે. હવે ફિલ્મમેકર પોતાની આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા'ના નવા ગીત 'સાવન આયા હૈ' સાથે ફરી એકવાર દર્શકો માટે રોમાન્સ અને સંગીતનો સુંદર સંગમ લઈને આવ્યા છે. આયુષ્માન ખુરાના અને શર્વરી પર ફિલ્માવવામાં આવેલું આ ગીત ચોમાસાની સુંદર પૃષ્ઠભૂમિમાં પ્રેમની લાગણીઓને વ્યક્ત કરે છે. દિવાળીના સપ્તાહમાં આવતું આ ગીત તહેવારની તૈયારીઓ અને ઘરની સાફસફાઈ દરમિયાન પરિવાર સાથે વિતાવાતી આનંદમય પળોને પણ દર્શાવે છે. આ જ માહોલમાં બંને કલાકારો વરસાદની વચ્ચે એકબીજા સાથે સુંદર પળો વિતાવતા જોવા મળે છે. તેમની ચોરીછૂપીથી મળતી નજરો અને મીઠી રોમેન્ટિક પળો જૂના હિન્દી સિનેમાના એ ખાસ રોમાન્સની યાદ અપાવે છે, જ્યાં કંઈ પણ કહ્યા વિના ઘણું બધું વ્યક્ત થઈ જતું હતું.

હિમેશ રેશમિયાના સંગીતથી સજેલા 'સાવન આયા હૈ'ને શ્રેયા ઘોષાલ અને કેશવ આનંદે પોતાનો અવાજ આપ્યો છે, જ્યારે તેના શબ્દો મયૂર પુરીએ લખ્યા છે. શ્રેયાનો ભાવસભર અવાજ અને હિમેશની મધુર ધૂન આ ગીતને એક સુંદર રોમેન્ટિક અહેસાસ આપે છે. સૂરજ બડજાત્યાની ફિલ્મોનું સંગીત હંમેશાંથી દર્શકોના દિલમાં ખાસ સ્થાન ધરાવતું આવ્યું છે અને આ ગીત પણ એ જ સંગીત પરંપરાને આગળ વધારે છે. બોલિવૂડમાં પોતાની પહેલી મોટી સફળતાના ત્રણ દાયકા બાદ સૂરજ બડજાત્યા ફરી એકવાર પોતાની રોમેન્ટિક સંવેદનશીલતા સાથે દર્શકો વચ્ચે પરત ફરી રહ્યા છે.



38 વર્ષીય મેક્સવેલે 7 ટેસ્ટ, 149 ODI અને 130 T20I મેચ રમી હતી

ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કર્યું અલવિદા

મુંબઈ

પોતાના અસાધારણ, અણધાર્યા અને આક્રમક શૉટ્સથી વિશ્વભરના બોલરોમાં ખૌફ પેદા કરનાર ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ સાથે જ ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સાથેના 14 વર્ષ લાંબા સુવર્ણ અને યાદગાર પ્રવાસનો અંત આવ્યો છે. પોતાની પેઢીના સૌથી વિધ્વંસક ખેલાડીઓમાં ગણાતા 38 વર્ષીય મેક્સવેલે એકલા હાથે હારેલી બાજી પલટી નાખવાની ક્ષમતાથી ક્રિકેટ ચાહકોના દિલમાં કાયમી સ્થાન બનાવ્યું છે. મેક્સવેલના સમગ્ર કરિયરની સૌથી સર્વશ્રેષ્ઠ



અને ઐતિહાસિક ક્ષણ વર્ષ 2023ના ODI વર્લ્ડ કપ દરમિયાન મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં જોવા મળી હતી. અફઘાનિસ્તાન સામે 292 રનનો પીછો કરતાં ઓસ્ટ્રેલિયાએ માત્ર 91 રનમાં 7 વિકેટ ગુમાવી દીધી હતી અને હાર નિશ્ચિત દેખાતી હતી.

તે સમયે ગ્લેન મેક્સવેલે ગંભીર ક્રેમ્પ્સ અને અસહ્ય પીડા વચ્ચે હલનચલન પણ ન કરી શકવાની સ્થિતિમાં એક પગે ઊભા રહીને ક્રિકેટ ઇતિહાસનો સૌથી મોટો ચમત્કાર સર્જ્યો હતો.

મેક્સવેલની આંતરરાષ્ટ્રીય સફર 25 ઓગસ્ટ 2012ના રોજ શારજાહ ખાતે અફઘાનિસ્તાન સામે ODI ડેબ્યૂથી શરૂ થઈ હતી. તે જ વર્ષે સપ્ટેમ્બર 2012માં તેણે દુબઈમાં પાકિસ્તાન સામે T20I ડેબ્યૂ કર્યું હતું અને માર્ચ 2013માં હૈદરાબાદ ખાતે ભારત સામે ટેસ્ટ કેપ મેળવી હતી.

તેણે ત્રણેય ફોર્મેટમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરતાં 7 ટેસ્ટ, 149 વનડે અને 130 T20 આંતરરાષ્ટ્રીય મેચો રમી હતી. તેમણે વનડેમાં 3990 રન, T20I માં 2897 રન અને ટેસ્ટમાં 339 રન બનાવ્યા હતા. આ સાથે જ તેમણે એક ઉપયોગી ઓફ-સ્પિનર તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે 136 વિકેટ પણ ઝડપી હતી.

IND vs NZ વનડે: ઇન્ડિયાની પ્લેઇંગ 11માં 2 મોટા ફેરફાર નક્કી

નવી દિલ્હી

ન્યૂઝીલેન્ડ સામેની T20 શ્રેણી 3-2થી પોતાના નામે કર્યા બાદ હવે ભારતીય ક્રિકેટ ટીમ વનડે ફોર્મેટમાં રમવા માટે સજ્જ થઈ ગઈ છે. 5 વનડે મેચોની આ રોમાંચક શ્રેણીનો પ્રથમ મુકાબલો 4 નવેમ્બરને બુધવારે ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય અનુસાર સવારે 7:30 વાગ્યે શરૂ થશે, જ્યારે ટોસ સવારે 7:00 વાગ્યે થશે. T20 શ્રેણીમાં વિજય મેળવ્યા બાદ ટીમ ઈન્ડિયા વનડેમાં પણ વિજયી શરૂઆત કરવાના મજબૂત ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ઓકલેન્ડમાં ભારતીય ટીમમાં ફેરફારની પૂરી શક્યતા ટીમ ઈન્ડિયા છેલ્લે 3 ઓક્ટોબરે ન્યૂ ચંદીગઢ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે વનડે રમી હતી. તે મેચમાં ભારતે 351/7 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હોવા છતાં વેસ્ટ ઈન્ડિઝે શાઈ હોપની અણનમ 162 રનની ઈનિંગ્સના જોરે મેચ 5 વિકેટે જીતી લીધી હતી, જોકે ભારતે તે શ્રેણી 2-1થી પોતાના નામે કરી હતી. ન્યૂ ચંદીગઢની પ્લેઈંગ 11ની સરખામણીએ ઓકલેન્ડ ખાતે રમાનારી મેચમાં બે મોટા ફેરફાર જોવા મળી શકે છે. નંબર 4 પર રુતુરાજ ગાયકવાડના સ્થાને શ્રેયસ અય્યર અને ફાસ્ટ બોલિંગમાં ગુરનૂર બરારના સ્થાને અર્શદીપ સિંહને તક મળવાની પૂરી સંભાવના છે. ઓપનિંગ અને ટોપ ઓર્ડર: શુભમન ગિલ અને રોહિત શર્મા ઓપનિંગ કરશે, જ્યારે ત્રીજા ક્રમે વિરાટ કોહલીનું રમવું નક્કી છે.

તિલક વર્મા કેપ્ટન, 22 નવેમ્બરે પાકિસ્તાન સામે મેચ

એશિયા કપ માટે ભારતીય ટીમની જાહેરાત : વૈભવ સૂર્યવંશીની એન્ટ્રી

નવી દિલ્હી

ACC રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ 2026 માટે ભારતીય ટીમની જાહેરાત થઈ છે. BCCIની સિનિયર સિલેક્શન કમિટીએ 15 સભ્યોની ભારત-A ટીમ પસંદ કરી છે. તિલક વર્મા કેપ્ટન અને રજત પાટીદાર વાઈસ-કેપ્ટન બન્યા છે. વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, રિંકુ સિંહ અને પ્રભસિમરન સિંહ જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ ટુર્નામેન્ટ 19 થી 29 નવેમ્બર દરમિયાન કતારના દોહામાં યોજાશે. ભારત-A 22 નવેમ્બરે પાકિસ્તાન-A સામે ટકરાશે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) દ્વારા આયોજિત રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ 2026 માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. BCCIની સિનિયર સિલેક્શન કમિટીએ આ મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટ માટે ભારત-Aની 15




સભ્યોની મજબૂત ટીમની પસંદગી કરી છે. 50 ઓવરના ફોર્મેટમાં રમાનારી આ સ્પર્ધા માટે તિલક વર્માને કેપ્ટનશિપ સોંપવામાં આવી છે, જ્યારે રજત પાટીદારને વાઇસ-કેપ્ટનની જવાબદારી મળી છે. આ ઉપરાંત ઉભરતા યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. આ ટૂર્નામેન્ટ 19થી 29 નવેમ્બર દરમિયાન કતારની રાજધાની દોહા ખાતે યોજાશે. ભારતીય ટીમમાં વૈભવ સૂર્યવંશી ઉપરાંત વિસ્ફોટક ઓપનર અભિષેક શર્મા અને ફિનિશર રિંકુ સિંહ જેવા જાણીતા ચહેરાઓ સામેલ છે. વિકેટકીપર તરીકે પ્રભસિમરન સિંહ અને કુમાર કુશાગ્રને સ્થાન આપવામાં આવ્યું છે. સંપૂર્ણ ટીમ પર નજર કરીએ તો તેમાં અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), તિલક વર્મા (કેપ્ટન), રજત પાટીદાર (વાઇસ-કેપ્ટન), રિંકુ સિંહ, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), સૂર્યાંશ શેડગે, શાહબાઝ અહમદ, વિપ્રજ નિગમ, હર્ષ દુબે, તનુષ કોટિયન, હર્ષિત રાણા, પ્રિન્સ યાદવ અને અર્શદ ખાનનો સમાવેશ થાય છે.

ન્યૂઝીલૅન્ડ વનડે પહેલાં કૈફ સિલેક્ટર્સ પર ભડક્યો

મધ્ય પ્રદેશ 209 રન પર ઓલઆઉટ; અંગકૃષ રઘુવંશીની સતત ત્રીજી ફિફ્ટી

મુંબઈ

ભારત-ન્યૂઝીલૅન્ડ વનડે શ્રેણી પહેલાં, પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે ટીમ પસંદગીની નીતિ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે 1-2 ખરાબ મેચના આધારે ખેલાડીને બહાર કરવો યોગ્ય નથી, ખાસ કરીને ભુવનેશ્વર કુમાર જેવા લાંબા સમય બાદ પરત ફરેલા ખેલાડીને. કૈફનું માનવું છે કે, આંતરરાષ્ટ્રીય સ્તરે આવી ક્લબ ક્રિકેટ જેવી નિર્ણય પ્રક્રિયા ખોટી છે અને ભુવનેશ્વરને વધુ તકો મળવી જોઈએ. ભારત અને ન્યૂઝીલૅન્ડ વચ્ચે રમાનારી વનડે શ્રેણી પહેલાં ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે ટીમ પસંદગી અને ખેલાડીઓને વારંવાર બદલવાની નીતિ સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. કૈફનું સ્પષ્ટ માનવું છે કે, માત્ર 1 કે 2 ખરાબ મેચના આધારે કોઈ પણ ખેલાડીનું મૂલ્યાંકન કરીને તેને ટીમમાંથી બહાર કરી દેવો યોગ્ય નથી, ખાસ કરીને ત્યારે જ્યારે તે ખેલાડી લાંબા સમય બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી રહ્યો હોય. હાલની પસંદગી પ્રક્રિયા અંગે ખુલીને વાત કરતાં મોહમ્મદ કૈફે જણાવ્યું કે, વર્તમાન સમયમાં એવી સ્થિતિ સર્જાઈ છે કે જો કોઈ ખેલાડી એકાદ મેચમાં મોંઘો સાબિત થાય તો તેને તરત જ બહાર બેસાડી દેવામાં આવે છે અને બહાર બેઠેલા બીજા ખેલાડીને તેના કરતાં ચડિયાતો માની લેવાય છે. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે આ રીત આંતરરાષ્ટ્રીય સ્તરની નથી પરંતુ



કોઈ સામાન્ય ક્લબ ક્રિકેટ જેવી છે, જ્યાં મેનેજર કે કોચ વિચાર્યા વિના ગભરાઈને નિર્ણયો લેતા હોય છે. આવા નિર્ણયોમાં કોઈ વ્યવહારુ સમજદારી દેખાતી નથી. પોતાની વાતને મજબૂત રીતે રજૂ કરવા માટે કૈફે રાહુલ દ્રવિડ અને રોહિત શર્માના સમયનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું કે વર્ષ 2023ના વનડે વર્લ્ડ કપ અને વર્ષ 2024ના T20 વર્લ્ડ કપ દરમિયાન ટીમ મેનેજમેન્ટે એક જ બોલિંગ લાઇન-અપ પર સતત વિશ્વાસ દર્શાવ્યો હતો. અમુક મેચોમાં બોલરો વધુ રન આપી બેઠા હોવા છતાં ખેલાડીઓને વારંવાર ટીમમાંથી ડ્રોપ કરવામાં આવ્યા નહોતા. આ અડગ ભરોસાના દમ પર જ ટીમે વૈશ્વિક મંચ પર ઐતિહાસિક સફળતા હાંસલ કરી હતી.

બિઝનેસ

CEO જૉન ટર્નસ બોલ્યા- દેશમાં આઇફોન અને મેકની માંગ ઓલ-ટાઇમ હાઈ

ભારતમાં એપલની રેકોર્ડ કમાણી

મુંબઈ

વૈશ્વિક સ્માર્ટફોન માર્કેટમાં મંદી અને સપ્લાયની પડકારો હોવા છતાં એપલે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતમાં અત્યાર સુધીની સૌથી વધુ આવક નોંધાવી છે. કંપનીના CEO જૉન ટર્નસે અર્નિંગ્સ કૉલ દરમિયાન આ માહિતી આપી હતી. જોકે, તેમણે આવક કેટલી રહી તે જણાવ્યું નથી.

પરંતુ વૈશ્વિક આવક વધીને 114.5 અબજ ડૉલર એટલે કે આશરે 10.80 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ગયા વર્ષની સમાન ત્રિમાસિક ગાળાની 102.5 અબજ ડૉલરની આવકની સરખામણીએ આ લગભગ 12% વધુ છે.

બીજી તરફ, સમગ્ર વર્ષ દરમિયાન એપલે 479 અબજ ડૉલર એટલે કે આશરે 45 લાખ કરોડની રેકોર્ડ આવક નોંધાવી છે, જે ગયા વર્ષે 416 અબજ ડૉલર હતી. ભારતમાં આ ગ્રોથનું સૌથી



મોટું કારણ આઇફોનનું પ્રદર્શન રહ્યું. ખાસ કરીને એવા યુઝર્સની સંખ્યા ઘણી વધારે રહી, જેમણે પોતાના જૂના આઇફોનને નવા મોડલથી અપગ્રેડ કર્યો.

આ ઉપરાંત મેક કમ્પ્યુટર્સ અને સર્વિસિસ બિઝનેસે પણ ભારતમાં ગ્રોથને મજબૂતી આપી. ટિમ કુકે ભારતને કંપનીના વૈશ્વિક બિઝનેસ માટે એક મહત્ત્વપૂર્ણ ગ્રોથ એન્જિન ગણાવ્યું છે. નો-કોસ્ટ EMI અને સરળ લોનથી મોંઘા ડિવાઇસ બજેટમાં આવી રહ્યા છે.

જૂના ફોન પર સારી કિંમત મળવી.

'મેડ ઇન ઇન્ડિયા'થી સપ્લાય અને ઉપલબ્ધતામાં તેજી આવવી.

ટિયર-2 અને ટિયર-3 શહેરો સુધી સ્ટોર્સ અને રીસેલર્સની પહોંચ વધવી. CEO જ્હોન ટર્નસે અર્નિંગ્સ કોલ દરમિયાન એ પણ જણાવ્યું કે કંપનીએ એક્સિસ બેંક સાથે મળીને ભારતમાં એપલ પે લોન્ચ કરી દીધું છે. તેના દ્વારા ભારતીય આઇફોન યુઝર્સ હવે વધુ સુરક્ષિત અને સીમલેસ રીતે ડિજિટલ પેમેન્ટ કરી શકશે. દુનિયાભરમાં એપલનો એક્ટિવ ઈન્સ્ટોલ્ડ બેઝ 2.5 અબજથી વધુ ડિવાઇસના રેકોર્ડ ઑલ-ટાઇમ હાઈ સ્તરે પહોંચી ગયો છે. કંપનીના આંકડા મુજબ, આ સમયગાળા દરમિયાન આઈપેડ અને એપલ વૉચ ખરીદનારા 50%થી વધુ ગ્રાહકો એવા રહ્યા છે, જેમણે પહેલી વાર આ પ્રોડક્ટ્સ ખરીદી છે.

સોનું પણ ગગડ્યું...!

ધનતેરસ પહેલાં સોના-ચાંદીમાં મોટો કડાકો: ચાંદી એક જ ઝાટકે 8,000 રૂપિયા સસ્તી

MCX પર સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. મંગળવારે ચાંદી પ્રતિ કિલો 8,000 રૂપિયા સસ્તી થઈ, જ્યારે સોનું 1,300 રૂપિયા ઘટ્યું.

મુંબઈ

MCX પર સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. મંગળવારે ચાંદી પ્રતિ કિલો 8,000 રૂપિયા સસ્તી થઈ, જ્યારે સોનું 1,300 રૂપિયા ઘટ્યું. ચાંદી 1.80 લાખ રૂપિયાની નીચે સરકી, જ્યારે સોનું 1,38,800 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યું.



આંતરરાષ્ટ્રીય મંદીની અસરથી બુલિયન માર્કેટમાં ઉથલપાથલ જોવા મળી રહી છે, જે ગ્રાહકોને સીધી અસર કરી રહી છે. મલ્ટી કમોડિટી એક્સચેન્જ (MCX) પર અગાઉના સત્રમાં ચાંદીમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો અને ભાવ રૂ.1.83 લાખને પાર પહોંચી ગયા હતા. જો કે, મંગળવારે બજાર ખૂલતાની સાથે જ ચાંદીના ભાવમાં મોટો કડાકો બોલાયો હતો અને તે ફરીથી 1.80 લાખ રૂપિયાની નીચે આવી ગઈ હતી. અગાઉના બંધ ભાવ રૂ.1,83,779ની સામે બજાર ખૂલતા જ એક જ ઝાટકે ચાંદી પ્રતિ કિલો રૂ.4,429 સસ્તી થઈ ગઈ હતી. આ પછી બપોરના સમયે પણ ઘટાડો યથાવત રહેતા ચાંદી પ્રતિ કિલો રૂ.8,000 સસ્તી થઈ ગઈ છે. નોંધનીય છે કે, ચાંદીની કિંમતમાં આવેલો આ ઘટાડો તેની લાઈફ ટાઈમ હાઈ લેવલથી ઘણી સસ્તી થઈ ગઈ છે. 29 જાન્યુઆરી 2026ના રોજ ચાંદીએ પોતાના તામમ રેકોર્ડ તોડતા પ્રતિ કિલો રૂ.4 લાખનો આંકડો પાર કરી રૂ.4,20,048ના હાઈ લેવલ પર પહોંચી હતી. પરંતુ હાલમાં ચાંદી ઓલ ટાઈમ હાઈ લેવલથી રૂ.2.40 લાખ સસ્તી મળી રહી છે. ચાંદની જેમ સોનું પણ સસ્તું થયું છે. MCX પર 4 ડિસેમ્બરની એક્સપાયરીવાળું 24 કેરેટ સોનું પ્રતિ 10 ગ્રામ ઘટીને રૂ.1,38,800 પર આવી ગયું છે. અગાઉના સત્રમાં સોનું રૂ.1,40,186 પર બંધ થયું હતું. આમ, બજાર ખૂલતાની સાથે જ સોનું એક જ ઝાટકે પ્રતિ 10 ગ્રામ રૂ.1,386 સસ્તું થયું છે. આંતરરાષ્ટ્રીય મંદીની અસર ભારતીય બજાર પર પણ જોવા મળી રહી છે. સ્થાનિક અને વાયદા બજારમાં આવી રહેલા આ ઘટાડાથી બુલિયન માર્કેટમાં ઉથલપાથલ જોવા મળી રહી છે, જેની સીધી અસર ગ્રાહકોની ખરીદી પર પડી રહી છે.

બીજા ત્રિમાસિક ગાળામાં નેટ ઇન્ટરેસ્ટ ઇન્કમ 15% વધી

SBIનો નફો 14% વધીને ₹23,038 કરોડ થયો, બેંકના પરિણામો અંદાજ કરતાં સારા રહ્યા....

મુંબઈ

દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાએ જુલાઈથી સપ્ટેમ્બર ત્રિમાસિકના પરિણામો જાહેર કર્યા છે. બેંકને આ ત્રિમાસિકમાં કુલ 23,038 કરોડનો નફો થયો છે, જે ગયા વર્ષના આ જ સમયગાળાની સરખામણીએ આશરે 14% વધુ છે. તે ત્રિમાસિકમાં બેંકને 20,160 કરોડનો નફો થયો હતો. બેંકની મુખ્ય કમાણી લોકોને આપવામાં આવેલી લોન પર મળતા વ્યાજમાંથી થાય છે. તેને NII એટલે કે નેટ ઇન્ટરેસ્ટ ઇન્કમ કહેવામાં આવે છે. આ ત્રિમાસિકમાં બેંકની નેટ ઇન્ટરેસ્ટ ઇન્કમ વધીને 49,142 કરોડ થઈ ગઈ છે. તેમાં ગયા વર્ષની સરખામણીએ આશરે 15%નો વધારો



નોંધાયો છે. ગયા વર્ષે તે આશરે 42,847 કરોડ હતી. 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં બેંક દ્વારા આપવામાં આવેલી કુલ લોન વાર્ષિક ધોરણે 7.84% વધીને 52 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ. બેંકની ભાષામાં તેને ગ્રોસ એડવાન્સિસ કહેવામાં આવે છે. બીજી તરફ, બેંકમાં જમા થયેલી કુલ રકમ પણ 12.27% વધીને 63 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ. આ રકમ બે રીતે આવે છે: સેવિંગ અને કરન્ટ એકાઉન્ટ ડિપોઝિટ એટલે કે CASA અને ફિક્સ્ડ ડિપોઝિટ. સેવિંગ્સ અને કરન્ટ એકાઉન્ટમાં જમા રકમમાં 8.13%નો વધારો થયો. બેંકમાં જમા થયેલી કુલ રકમમાં CASAનો હિસ્સો 38.3% રહ્યો. જ્યારે ફિક્સ્ડ ડિપોઝિટ (FD)માં 14.26%નો વધારો નોંધાયો. બેંકના ગ્રાહકોને આપવામાં આવેલા કરજની સ્થિતિ એટલે કે એસેટ ક્વોલિટી પણ સુધરી છે. એટલે કે લોકોને આપવામાં આવેલી રકમ સમયસર પરત મળી રહી છે અને બેંકની ડૂબેલી રકમ ઘટી છે.

સેન્સેક્સ 1,225 પોઇન્ટ વધીને 76,918 પર બંધ

- નિફ્ટી પણ 370 પોઇન્ટ વધીને 23,811 પર પહોંચ્યો; ઓટો અને FMCG શેરોમાં વધુ ખરીદી જોવા મળી

મુંબઈ

સેન્સેક્સ આજે એટલે કે 3 નવેમ્બરે 1,225 અંક (1.62%)ના ઉછાળા સાથે 76,918 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 370 અંક (1.58%)નો ઉછાળો રહ્યો અને તે 23,811 પર પહોંચી ગયો. આજે ઓટો, FMCG અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. આ પહેલાં ગઈકાલે એટલે કે 2 નવેમ્બરે પણ બજારમાં તેજી રહી હતી. સેન્સેક્સ 1,233 અંક વધીને 75,693 પર બંધ થયો હતો. નિફ્ટી 388 અંક વધીને 23,440 પર બંધ થયો હતો. બજારમાં તેજીના 2 કારણો 1. વિદેશી અને સ્થાનિક રોકાણકારોની ખરીદી: લાંબા સમયથી વેચવાલી કરી રહેલા વિદેશી રોકાણકારો (FIIs)એ સોમવારે 3,115 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ ખરીદીને કારણે બજારને મજબૂત ટેકો મળ્યો.

2. કાચા તેલની કિંમતોમાં થોડી રાહત: બ્રેન્ટ ક્રૂડ ઑઇલની કિંમત ઘટીને 105 ડૉલર પ્રતિ બેરલ પર આવી ગઈ. ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું કાચું તેલ વિદેશથી આયાત કરે છે. તેલની કિંમતોમાં આ ઘટાડો બજાર માટે સકારાત્મક રહ્યો. વેસ્ટવોટર ટ્રીટમેન્ટ સોલ્યુશન્સ આપતી કંપની SFC એન્વાયરમેન્ટ ટેક્નોલોજીઝ લિમિટેડના શેર 330 રૂપિયાના ઇશ્યૂ પ્રાઇસની સરખામણીએ આશરે 8% પ્રીમિયમ સાથે લિસ્ટ થયા.

આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે લાલ આંખ

દિવાળીમાં મોંઘીદાટ મીઠાઈઓ પર ચડાવેલો ચાંદીનો વરખ નીકળ્યો ઝેરી એલ્યુમિનિયમ

વહીવટી તંત્રની આ કડક કાર્યવાહીથી ભેળસેળિયાઓ અને લાલચુ વેપારીઓમાં ભૂગર્ભમાં ઉતરી જવાનો ડર ફેલાયો

અમદાવાદ

દિવાળીના તહેવારોમાં મીઠાઈઓ વગર ખુશીઓ અધૂરી લાગે છે, પરંતુ અમદાવાદમાંથી સામે આવેલી એક અત્યંત ચોંકાવનારી અને ડરામણી વિગતે સૌ કોઈના હોશ ઉડાડી દીધા છે. તહેવારોની મોસમમાં લોકો ઉત્સાહથી જે મોંઘીદાટ અને સુંદર દેખાતી મીઠાઈઓ ખરીદીને પરિવાર સાથે ખાય છે, તેના પર ચડાવવામાં આવેલો ચમકદાર 'ચાંદીનો વરખ' અસલી નહીં પરંતુ સસ્તું અને સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક એવું ઝેરી 'એલ્યુમિનિયમ' હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની ફૂડ સેફ્ટી ટીમ દ્વારા કરવામાં આવેલી ડી તપાસમાં આ ભાંડો ફૂટતા શહેરમાં હાહાકાર મચી ગયો છે.

સામાન્ય રીતે લોકો એવું માનતા હોય છે કે મીઠાઈ પર લગાવવામાં આવતો ચાંદીનો વરખ (Silver Leaf) શુદ્ધ અને ખાવાલાયક હોય છે. પરંતુ નફાખોરી અને લાલચમાં આંધળા બનેલા કેટલાક વેપારીઓ અને મીઠાઈના ઉત્પાદકો લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યા છે. અસલી ચાંદીના વરખનો ભાવ કિલોગ્રામ દીઠ લાખો રૂપિયામાં થતો હોવાથી, આ ઠગ વેપારીઓ તેના બદલે માત્ર થોડા રૂપિયામાં મળતા એલ્યુમિનિયમના પાતળા વરખનો ઉપયોગ મીઠાઈઓ શણગારવા માટે કરી રહ્યા છે.

એલ્યુમિનિયમ શરીર માટે ઝેરી સાબિત થાય છે અને તે લાંબા ગાળે પાચનતંત્ર, કિડની અને મગજ પર ગંભીર નુકસાન પહોંચાડી શકે છે.



તહેવારોના સમયે વેપારીઓ દ્વારા આ પ્રકારે આચરવામાં આવતી ગેરરીતિથી અમદાવાદીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

અમદાવાદમાં દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા શહેરભરની અસંખ્ય મીઠાઈની દુકાનો, ફરસાણના ગલ્લાઓ અને ગોડાઉનો પર સઘન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન શંકાસ્પદ મીઠાઈઓ અને વરખના નમૂનાઓ (Samples) લેબમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

રિપોર્ટમાં ખુલાસો થયો છે કે બજારમાં વેચાતી ઘણી બ્રાન્ડેડ અને લોકલ મીઠાઈઓ પર ચાંદીના બદલે એલ્યુમિનિયમનું કોટિંગ કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્રની આ કડક કાર્યવાહીથી ભેળસેળિયાઓ અને લાલચુ વેપારીઓમાં ભૂગર્ભમાં ઉતરી જવાનો ડર ફેલાઈ ગયો છે.

આ ગંભીર ખુલાસા બાદ ફૂડ સેફ્ટી નિષ્ણાતોએ નાગરિકોને ચેતવણી આપી છે કે દિવાળી કે અન્ય તહેવારોમાં મીઠાઈ ખરીદતી વખતે ખાસ કાળજી રાખવી.

ખૂબ જ ચમકદાર અને સસ્તી મળતી મીઠાઈઓ ખરીદવાનું ટાળો.

મીઠાઈ પરનો વરખ અસલી છે કે નહીં તેની ખાતરી કરો (અસલી ચાંદીનો વરખ અંગૂઠાથી ઘસવાથી તરત જ ગાયબ થઈ જાય છે, જ્યારે એલ્યુમિનિયમ ચોંટી રહે છે).

શંકાસ્પદ ગુણવત્તાવાળા ધંધાર્થીઓ સામે તંત્રમાં ત્વરિત ફરિયાદ કરો. તહેવારોના આનંદ વચ્ચે સ્વાસ્થ્ય સાથે થતા આ ખેલથી દરેક અમદાવાદીએ સાવચેત રહેવાની જરૂર છે.

મીઠાઈ-ફરસાણની દુકાનોમાં ગેરરીતિનો રાફડો: 1,597 એકમોની તપાસમાં 860 વેપારીઓ પકડાયા

ગુજરાતમાં નવરાત્રિથી દિવાળી સુધીના તહેવારોમાં મીઠાઈ, ફરસાણ અને ડ્રાયફ્રૂટની ખરીદી કરતા ગ્રાહકો સાથે વજન અને ભાવમાં છેતરપિંડી થતી હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે વિશેષ તપાસ ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશમાં રાજ્યભરમાં કુલ 1,597 વેપારી એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 860 એકમોમાં ગેરરીતિઓ સામે આવતાં તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાઈ છે. તંત્રએ આ વેપારીઓ પાસેથી કુલ રૂ.20,23,800ની ફી વસૂલ કરી છે. કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. નવરાત્રિ-દશેરા દરમિયાન 11થી 20 ઓક્ટોબર અને દિવાળી દરમિયાન 28થી 29 ઓક્ટોબર, 2026ના રોજ ખાસ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં મીઠાઈ-ફરસાણની દુકાનો ઉપરાંત ડ્રાયફ્રૂટના વેપારીઓ, હોલસેલર્સ, સુપરમાર્કેટ અને મોલને પણ તપાસવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન વેપારીઓ દ્વારા ગ્રાહકોને વજનમાં ઓછો માલ આપવો, વજનકાંટાનું સમયસર ફેરચકાસણી અને મુદ્રાંકન ન કરાવવું, પેકર તરીકે રજિસ્ટ્રેશન ન કરાવવું તેમજ વસ્તુની મહત્તમ છૂટક કિંમત (MRP) કરતાં વધુ ભાવ વસૂલવા જેવી ગેરરીતિઓ સામે આવી હતી.

તહેવારો દરમિયાન ખરીદી કરતી વખતે ગ્રાહકોને વજન અને ભાવ બાબતે સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

SVP હોસ્પિટલમાં ગરીબોના સ્વાસ્થ્ય સાથે ખેલ

PMJAY યોજનાના લાખો રૂપિયાના સર્જિકલ સાધનોના કૌભાંડથી ખળભળાટ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત અને શહેરની નામાંકિત એવી એસ.વી.પી. (SVP) હોસ્પિટલમાંથી એક અત્યંત ચોંકાવનારો અને શરમજનક મામલો સામે આવ્યો છે. ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓની નિઃશુલ્ક સારવાર માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતી પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત ફાળવવામાં આવતા મોંઘા અને જીવનરક્ષક સર્જિકલ સાધનોમાં મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો થયા છે. હોસ્પિટલના જ રેસિડન્ટ ડૉક્ટરો દ્વારા આ સાધનો બારોબાર બજારમાં વેચી મારવાનું વ્યવસ્થિત કાવતરું



રચવામાં આવ્યું હોવાની ચર્ચાએ સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી દીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એસવીપી હોસ્પિટલમાં પીએમજેવાય (PMJAY) યોજનાના લાભાર્થીઓ માટે આવતા અંદાજે ૩૯.૩૮ લાખના મૂલ્યના સર્જિકલ સાધનો અને કિટ્સનો ગેરરીતિ પૂર્વક વહીવટ કરવામાં આવ્યો છે. ગરીબ દર્દીઓના નામે ગ્રાન્ટ કે સાધનો મેળવીને તેને હોસ્પિટલમાં વાપરવાના બદલે બારોબાર સગેવગે કરી દેવાના આ ગંભીર પ્રકરણમાં આઠ જેટલા રેસિડન્ટ ડૉક્ટરો સીધી રીતે તપાસના ઘેરામાં આવ્યા છે. સેવાનું પવિત્ર મંચ ગણાતી હોસ્પિટલમાં જ જ્યારે રક્ષક જ ભક્ષક બને ત્યારે દર્દીઓનો વિશ્વાસ ક્યાં જઈને અટકે તે મોટો સવાલ બન્યો છે.

આટલું મોટું કૌભાંડ બહાર આવવા છતાં જવાબદાર વહીવટી અધિકારીઓ અને શાસક પક્ષના રાજકારણીઓ દ્વારા મામલાને આંતરિક સ્તરે જ રફેદફે કરી દેવા અને ભીનું સંકેલી લેવાનો કારસો રચાઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સાબરમતી જેલ સહિત રાજ્યની જેલો ઉડાવવાની ધમકી

DGP કચેરી પર ઈમેઈલ આવતાં પોલીસ તંત્રમાં દોડધામ

અમદાવાદ

ગાંધીનગર DGP કચેરીને અમદાવાદની સાબરમતી જેલ સહિત રાજ્યભરની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો છે. અજાણ્યા શખસે ઈ-મેલ દ્વારા આ ધમકી મોકલી હતી. તાત્કાલિક હાઈ એલર્ટ જાહેર કરાયું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને BDDS ટીમોએ સાબરમતી જેલમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. સાયબર ક્રાઈમ દ્વારા મેલ મોકલનારનું IP એડ્રેસ ટ્રેસ કરવાની કાર્યવાહી ચાલુ છે. ગાંધીનગર સ્થિત ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) કચેરીના સત્તાવાર ઈ-મેલ આઈડી પર અમદાવાદની મધ્યસ્થ સાબરમતી જેલ સહિત રાજ્યભરની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતાં સમગ્ર પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે. અજાણ્યા શખસ દ્વારા મોકલવામાં આવેલા આ ધમકીભર્યા મેલની જાણ થતાં જ રાજ્ય પોલીસ વડાની કચેરી દ્વારા તમામ જેલ અધિક્ષકો અને જિલ્લા પોલીસ વડાઓને તાત્કાલિક અસરથી હાઈ એલર્ટ પર રહેવાની સૂચના આપવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (BDDS) અને સ્થાનિક પોલીસ ટીમોએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે પહોંચીને સંવેદનશીલ બેરેકો અને પરિસરમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને મેલ મોકલનારનું આઈપી એડ્રેસ ટ્રેસ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. સૂત્રોના જણાવ્યાનુસાર, ડીજીપી ઓફિસમાં આવેલા ઈ-મેલમાં અ મદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતની જેલોને ટાર્ગેટ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.



અમદાવાદ રિવરફ્રન્ટ ફરી બન્યો રહસ્યમય મોતનું મથક

સાહિલ નામના યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળતા ચકચાર

અમદાવાદ

અમદાવાદના હાર્દસમા અને અત્યંત લોકપ્રિય એવા સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને દુઃખદ ઘટના સામે આવી છે. રિવરફ્રન્ટ પરથી સાહિલ નામના એક યુવકનો નિર્જીવ મૃતદેહ મળી આવતા આખા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને ભારેડરનો માહોલ છવાઈ ગયો છે. અચાનક યુવકની લાશ મળી આવવાની આ ઘટનાથી પોલીસ બેડામાં પણ દોડધામ મચી જવા પામી છે. ઘટનાની વિગતો મળતી માહિતી મુજબ, આજે સાબરમતી રિવરફ્રન્ટ પરથી પસાર થતા રાહદારીઓને પાણીની આસપાસ કે કિનારે કોઈ યુવક શંકાસ્પદ હાલતમાં પડેલો હોવાની શંકા ગઈ હતી.

તુરંત જ આસપાસના લોકોએ આ બાબતની જાણ સંબંધિત પોલીસ સ્ટેશન અને ફાયર વિભાગને કરી હતી.

માહિતી મળતાની સાથે જ પોલીસ કાફલો અને ફાયર વિભાગની કુશળ ટીમો ત્વરિત ગતિએ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમે સ્થળ પર પહોંચીને તાત્કાલિક ધોરણે આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને મૃતદેહને પાણી કે કિનારેથી બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવકનું નામ સાહિલ હોવાનું સામે આવ્યું છે.

જો કે, આ યુવક રિવરફ્રન્ટ પર કેવી રીતે પહોંચ્યો? તેણે આપઘાત કર્યો છે કે પછી આ કોઈ ઘાતક અપરાધ કે હત્યાનું કાવતરું છે? તેવા ગંભીર સવાલો હાલ લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. હાલ તો રિવરફ્રન્ટ પોલીસ સ્ટેશન દ્વારા આ મામલે અકસ્માતે મોત કે અન્ય કોઈ ફોજદારી ગુનાની આશંકાએ સઘન તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

રિવરફ્રન્ટ પર નકલી પોલીસ બનીને યુગલોને બ્લેકમેલ કરતો હુસૈન શેખ ઝડપાયો!!

અમદાવાદ

ઘટનાની વિગતો મુજબ, ગત નવરાત્રીના દિવસોમાં મોડી રાત્રે એક યુવક પોતાની સ્ત્રી મિત્ર સાથે સાબરમતી રિવરફ્રન્ટ પર શાંતિથી બેઠો હતો. તે દરમિયાન ગોમતીપુર વિસ્તારમાં રહેતો હુસૈન શેખ નામનો શખ્સ ત્યાં ધસી આવ્યો હતો. આ ચાલાક ઠગે યુવક-યુવતી પર પોતાની રોફ જમાવતા એવો દાવો કર્યો હતો કે તેણે પોતાના મોબાઈલ ફોનમાં આ તમામ શરમજનક ફોટા અને વિડિયો રેકોર્ડ કરી લીધા છે. આ વિડિયો વાયરલ કરી દેવાની અથવા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને આ નકલી પોલીસે યુવક પાસેથી ડરના માર્યા ૧૦,૦૦૦ રૂપિયા પડાવી લીધા હતા. પૈસા પડાવ્યા બાદ પણ આ લોભી શખ્સની લાલસા સંતોષાઈ નહોતી. તેણે યુવકને છોડી મૂકવાના બદલામાં સાથે રહેલી યુવતી પાસે વધુ રૂપિયાની માંગણી કરવાનું શરૂ કર્યું હતું. આ સતત ધમકીઓ અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે પીડિતોએ હિંમત દાખવીને સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રિવરફ્રન્ટ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો.

અમદાવાદીઓ ચેતી જજો

દિવાળીના પર્વને લઈને શહેર પોલીસ કમિશનરનો ખાસ સંદેશ

અમદાવાદ

દિવાળીના પ્રકાશ પર્વ અને તહેવારોની ઉજવણી વચ્ચે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે શહેરના નાગરિકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સુરક્ષાત્મક સંદેશ જાહેર કર્યો છે. તહેવારોની મોસમમાં શહેરીજનોની સુખ-શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનરે ખાસ અપીલ કરતાં નાગરિકોને સાવચેત રહેવા અને પોલીસને સહયોગ આપવા વિનંતી કરી છે. તહેવારો દરમિયાન તસ્કરો, ઠગ ગેંગો અને અસામાજિક તત્વોથી બચવા માટે પોલીસે ખાસ દિશાનિર્દેશો જાહેર કર્યા છે. શહેર પોલીસ કમિશનરે નાગરિકોને સુરક્ષિત તહેવાર ઉજવવા માટે નીચે મુજબના મહત્વના સૂચનો આપ્યા છે.



તહેવારોની મોસમમાં બજારોમાં ભારે ભીડ રહેતી હોય છે. આથી ખરીદી કરવા જતી વખતે પોતાના નાના બાળકોનું ખાસ ધ્યાન રાખવું જેથી તેઓ ભીડમાં ખોવાઈ ન જાય.

દિવાળી વેકેશન દરમિયાન જો તમે પરિવાર સાથે બહાર ફરવા જઈ રહ્યા હોવ, તો સોશિયલ મીડિયા પર 'લાઈવ લોકેશન' કે પ્રવાસની વિગતો તરત પોસ્ટ કરવાનું ટાળો. તસ્કરો આવી માહિતીનો દુરુપયોગ કરીને બંધ મકાનોને નિશાન બનાવતા હોય છે.

જો કોઈ વ્યક્તિ પોતાની ઓળખ પોલીસ અથવા ઈન્કમટેક્સ (IT) અધિકારી તરીકે આપીને તમારી બેગ ચેક કરવાનું કહે કે તપાસના નામે રોકડ-દાગીના ખોલાવે, તો તરત જ સાવધ થઈ જવું.

શંકાસ્પદ પ્રવૃત્તિ કે શંકાસ્પદ બાબત જણાય તો 112 પર કૉલ કરો: કોઈપણ પ્રકારની અજાણી કે શંકાસ્પદ બાબત, બિનવારસી વસ્તુ કે ઠગાઈનો પ્રયાસ જણાય તો તાત્કાલિક 112 નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરવી.

તહેવારો દરમિયાન શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેર પોલીસ તંત્ર પૂરેપૂરું સજ્જ બન્યું છે.

સંક્ષીપ્ત સમાચાર

નિકોલમાં ફોર્ચ્યુનર ચાલક નબીરાનો મોતનો તાંડવ: કારમાંથી બીયરના ટીન મળતા સનસનાટી

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા નિકોલમાં એક અતિ હૃદયદ્રાવક અને આક્રોશ પદાવનારી ઘટના સામે આવી છે. નિકોલની દેવસ્ય સ્કૂલ નજીક બેફામ ઝડપે આવી રહેલી ફોર્ચ્યુનર કારના ચાલકે રસ્તા પરથી પસાર થઈ રહેલા માતા અને પુત્રને જોરદાર ટક્કર મારીને કચડી નાખ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં ગંભીર ઈજાઓના કારણે માતા અને પુત્ર બંનેનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે જનરોષ ફેલાઈ ગયો હતો. ઘટના બાદ જ્યારે સ્થાનિક લોકો અને પોલીસે અકસ્માત સર્જનાર ફોર્ચ્યુનર કારની તલાશી લીધી ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કારમાંથી બીયરના 6 ટીન મળી આવ્યા હતા. ગાડીમાંથી દારૂની બોટલો/ટીન મળી આવતા જ સ્પષ્ટ થઈ ગયું હતું કે નબીરો દારૂના નશામાં ધૂત થઈને કાળ બનીને રસ્તા પર ગાડી દોડાવી રહ્યો હતો. પોતાના મોજશોખ અને નશાની ધૂનમાં આ નબીરાએ એક જ પરિવારના બે સભ્યોનો માળો વિખેરી નાખ્યો છે. પોલીસે અકસ્માત સર્જનાર આરોપી ચાલકની ઓળખ વિરલ ચૌધરી તરીકે કરી છે.

અમદાવાદમાં નકલી ખાખીધારીનો પર્દાફાશ: ખોખરા પોલીસે તોડબાજ અલ્કેશ પરમારને દબોચ્યો

અમદાવાદ શહેરમાંથી ખાખી વર્ધીને કંકિત કરતી અને સામાન્ય નાગરિકોને ડરાવી-ધમકાવીને લૂંટતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદની ખોખરા પોલીસે સપાટો બોલાવીને પોતાની જાતને 'પોલીસ અધિકારી' બતાવીને લોકો પાસેથી રોકડા રૂપિયા પડાવતા એક શાતિર નકલી પોલીસને ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીનું નામ અલ્કેશ પરમાર છે. આ તોડબાજે ખોખરા વિસ્તારની એક યુવતી સહિત અનેક લોકોને પોતાના શિકાર બનાવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હતી. પોલીસે ગુનો નોંધીને આ નકલી પોલીસને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ખોખરા ખાતે રહેતી સંગીતા પટેલ નામની યુવતીને આરોપી અલ્કેશ પરમારે પોતાની ઓળખ એક ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે આપી હતી. તેણે યુવતીને વિશ્વાસમાં લઈને બાકરોલ વિસ્તારમાં આવેલો એક શેડ સસ્તા ભાડે અપાવવાની લાલચ આપી હતી. પોલીસ હોવાની રોફદાર ઓળખ અને ભાડાની લાલચમાં આવીને સંગીતા પટેલે તેને 23,500 રોકડા આપ્યા હતા. નાણાં મેળવ્યા બાદ અલ્કેશ પરમાર ગાયબ થઈ ગયો હતો અને શેડ કે રૂપિયા પાછા આપતો નહોતો.

APK ફાઇલ મોકલી ગઠિયાએ 9.48 લાખ ટ્રાન્સફર કરી લીધા: love chat.apk ફાઇલ ઇન્સ્ટોલ કરાવી પૈસા પડાવ્યા

અમદાવાદ શહેરના રાણીપમાં રહેતા અને મોબાઈલ સ્ટોરમાં કામ કરતા યુવકના મોબાઈલમાં સાયબર ગઠિયાઓએ love chat.apk ફાઇલ મોકલી લાખો રૂપિયા ઉપાડી લીધા છે. APK ફાઈલ ઈન્સ્ટોલ કરાવીને ફોનનો એક્સેસ લઈને રૂપિયા 9.48 લાખ બીજા ખાતામાં ટ્રાન્સફર કરીને સાયબર ફ્રોડ કર્યું છે. ગઠિયાએ બેંકની માહિતી ચોરીને PayU ગેટવે મારફતે લાખો રૂપિયા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેતાં ભોગ બનનાર યુવકે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. રાણીપ વિસ્તારમાં રહેતા અને મોબાઈલ સ્ટોરમાં નોકરી કરતા 29 વર્ષીય યુવકને ગત 31 ઓક્ટોબરના રોજ અજાણ્યા શખ્સે મોબાઈલ નંબર પર એક ટેક્સ્ટ મેસેજ મોકલી love chat.apk નામની એક ફાઈલ ઈન્સ્ટોલ કરાવી હતી. આ ફાઈલથી ગઠિયાએ યુવકના મોબાઈલનો એક્સેસ લઈ લીધો હતો અને તેમના બેંક એકાઉન્ટ તથા પાસવર્ડની માહિતી લીધી હતી. ત્યારબાદ હેકરે PayU પેમેન્ટ ગેટવે દ્વારા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને તેમના બેંક ખાતામાંથી કુલ રૂપિયા 9.48,493 અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા.

ઇસનપુરમાં પરિણીતા પર સાસરિયાંનો ત્રાસ: ઢોરમાર મરાતાં કિડનીમાં ઈજા, 5 લોકો સામે ગુનો નોંધાયો

અમદાવાદના ઈસનપુરમાં 30 વર્ષીય પરિણીતા પર સાસરિયાંઓએ અમાનુષી અત્યાચાર ગુજાર્યો છે. ગર્ભાવસ્થામાં ઢોરમા ર મારતા કાનમાંથી લોહી નીકળ્યું અને કિડનીની નસમાં ઈજા થતા અઢી મહિના હોસ્પિટલમાં સારવાર લેવી પડી. 'દેરાણી જેવો કરિયાવર અને 10 લાખ રૂપિયા રોકડા લાવ' કહી ઘરમાંથી કાઢી મુકાતા, કાગડાપીઠ પોલીસે પતિ સહિત 5 સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઈસનપુર માં રહેતી અને બહેરામપુરામાં પિયર ધરાવતી 30 વર્ષીય પ રિણીતા પર સાસરિયાંઓ દ્વારા અમાનુષી અત્યાચાર ગુ જારાયો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ગર્ભા વસ્થા દરમિયાન ઢોરમાર મરાતાં કાનમાંથી લોહી ની કળવા અને કિડનીની નસમાં ઈજા થવાને કારણે મ હિલાને હોસ્પિટલમાં અઢી મહિના સુધી સારવાર લેવી પ ડી હતી. આ ઉપરાંત 'દેરાણી જેવો કરિયાવર અને 10 લાખ રૂપિયા રોકડા લાવ' તેમ કહી માર મારીને ઘર માંથી કાઢી મૂકાતાં, કાગડાપીઠ પોલીસે પતિ, સાસુ-સસ રા અ ને બે દિયર સહિત 5 સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI